નો ફેવર, નો ફિઅર...

# સામના મિરર

RNI title code no. GUJGUJ18053 RNI Reg. No. GUJGUJ/2023/85765 Daily Morning Newspaper





રાજ્યની ૪૦ હજાર પ્રિ - સ્કુલોની હડતાલ : રજીસ્ટ્રેશનના આકરા નિયમોનો વિરોધ

જુઓ પેજ નં.૪

માલિક/એડિટર : રાજેશ ઉદયકુમાર બગડાઈ I Date :4 DECEMBER 2024 I WEDNESDAY I Page :8 I Year : 2 I Issue :207 I Price: 2/-

# ડિજિટલ ફ્રોડ-સાઈબર ક્રાઈમમાં વપરાતાં ૫૯૦૦૦ વોટ્સએપ એકાઉન્ટ, ૬.૭૦ લાખ સીમ કાર્ડ બ્લોક કરાયા




દેશમાં ડિજિટલ અરેસ્ટ સહિત સાયબર ગુનાઓનું પ્રમાણ વધી રહ્યું છે ત્યારે કેન્દ્ર સરકાર સાયબર ગુનેગારો સામે આકરાં પગલાં લઈ રહી છે. સરકારે કહ્યું કે, ગૃહમંત્રાલયના એકમ ઈન્ડિયન સાયબર ક્રાઈમ કો-ઓર્ડિનેશન સેન્ટર (૧૪સી)એ દેશના નાગરિકો સાથે ડિજિટલ છેતરપિંડીમાં વપરાયેલા ૫૯૦૦૦થી વધુ વોટ્સએપ એકાઉન્ટ્સ અને ૧૭૦૦થી વધુ સ્કાયપે આઈડી બ્લોક કરી દીધા છે.

ગૃહ મંત્રાલયના રાજ્યકક્ષાના મંત્રી બંદી સંજયકુમારે જણાવ્યું હતું કે, ગૃહમંત્રાલયના એકમ ઈન્ડિયન સાયબર ક્રાઈમ કોઓર્ડિનેશન (૧૪સી)એ વર્ષ ૨૦૨૧માં સિટિઝન ફાઈનાન્સિયલ સાયબર ફ્રોડ રિપોર્ટિંગ એન્ડ મેનેજમેન્ટ સિસ્ટમ લોન્ચ કરી હતી, જે સાયબર છેતરપિંડી કરનારાઓ દ્વારા નાણાંની ઊચાપતને રોકવા માટે નાણાકીય છેતરપિંડીના તાત્કાલિક રિપોર્ટિંગની સુવિધા પૂરી પાડે છે. આ સિસ્ટમની મદદથી ૯.૯૪ લાખથી વધુ ફરિયાદોમાં અંદાજે રૂ. ૩૪૩૧ કરોડથી વધુના ભંડોળની ઊચાપત અટકાવી શકાઈ છે.

કુમારે કહ્યું કે, દેશમાં ૧૫ નવેમ્બર ૨૦૨૪ સુધીમાં પોલીસ દ્વારા રિપોર્ટ કરાયેલા ૬.૬૯ લાખથી વધુ સીમ કાર્ડ્સ અને ૧.૩૨ લાખ આઈએમઈઆઈ સરકારે બ્લોક કર્યા છે. ડિજિટલ છેતરપિંડી સહિતના સાયબર ગૂનાઓ રોકવા માટે કેન્દ્ર સરકાર અને ટેલિકોમ સર્વિસ પ્રોવાઈડર્સે એવી સિસ્ટમ વિકસાવી છે, જે મોબાઈલ વપરાશકારોને થતા બનાવટી આંતરરાષ્ટ્રીય કોલ્સને ઓળખી કાઢે છે.

દેશના નાગરિકોને સાયબર ગૂનાનો શિકાર બનાવવા માટે વિદેશમાંથી આવતા કોલ્સ જાણે ભારતમાંથી આવતા હોય તેવું દર્શાવાતું હોય છે. સાયબર ગુનેગારો દ્વારા નકલી ડિજિટલ ધરપકડ, ફેડએક્સ કૌભાંડો માટે આ પ્રકારના બનાવટી કોલ્સનો ઉપયોગ કરવામાં આવતો હોય છે.

તેમણે ઉમેર્યું કે, નકલી આંતરરાષ્ટ્રીય કોલ્સને બ્લોક કરવા માટે ટેલિકોમ સર્વિસ પ્રોવાઈડર્સને નિર્દેશો અપાયા છે. વધારામાં ૧૪સીમાં અત્યાધુનિક સાયબર ફ્રોડ મિટિગેશન સેન્ટરની પણ સ્થાપના કરાઈ છે, જ્યાં મોટી બેન્કો, નાણાકીય સંસ્થાઓ, પેમેન્ટ એગ્રેગેટર્સ, ટીએસપી, આઈટી ઈન્ટરમીડિયરીસ અને રાજ્ય તથા કેન્દ્રની કાયદાકીય એજન્સીઓના પ્રતિનિધિઓ સાયબર ગુનામાં તાત્કાલિક કાર્યવાહી અને અવરોધ રહિત સહકારની ખાતરી કરે છે. ૧૪સી દ્વારા બેન્કો અને નાણાકીય સંસ્થાઓના સહયોગથી ૧૦ સપ્ટેમ્બર ૨૦૨૪ના રોજ સાયબર ગૂનેગારોને ઓળખી કાઢવા માટે શંકાસ્પદ રજિસ્ટ્રી લોન્ચ કરાઈ છે.

# દેશની સેનાને મજબૂત બનાવવા કેન્દ્રનો મોટો નિર્ણય, રૂ.૨૨,૦૦૦ કરોડના ૫ ડિફેન્સ પ્રસ્તાવને આપી મંજૂરી

ડિફેન્સ એક્વિઝિશન કાઉન્સિલ (ઉઅઈ) ૩ ડિસેમ્બરે ૨૧,૭૭૨ કરોડ રૂપિયાના પાંચ ડિફેન્સ પ્રસ્તાવને મંજૂરી આપી છે. જેનો મુખ્ય હેતુ સુરક્ષા સંબંધિત તૈયારી માટે અને યોગ્ય રીતે કામ કરવાનો છે. ઉઅઈ એ વોટર જેટ ફાસ્ટ એટેક ક્રાફ્ટ, ઈલેક્ટ્રોનિક વોરફેર સ્યુટ, રડાર વોર્નિંગ અને એડવાન્સ લાઈટ હેલિકોપ્ટર વગેરેની પ્રાપ્તિ દરખાસ્તોને મંજૂરી આપી છે.આ પ્રસ્તાવ હેઠળ, ભારતીય નૌસેના માટે ૩૧ નવા વોટર જેટ ફાસ્ટ એટેક ક્રાફ્ટની ખરીદી કરાશે. આ ક્રાફ્ટ દરિયાઈ વિસ્તારોમાં દેખરેખ, પેટ્રોલિંગ અને બચાવ ઓપરેશનને અંજામ આપશે. આ જહાજ અરબ સાગર અને બંગાળની ખાડીમાં સમુદ્ર ડાકુઓ વિરુદ્ધમાં અભિયાનમાં પણ મદદરૂપ થશે. કાઉન્સિલે ૧૨૦ ફાસ્ટ ઈન્ટરસેપ્ટર ક્રાફ્ટ )ની ખરીદીને પણ મંજૂરી આપી છે. આ એવા દરિયાઈ જહાજો છે, જે અનેક પ્રકારની ભૂમિકા ભજવી શકે છે. આ માત્ર એરક્રાફ્ટ કેરિયર તરીકે જ કામ કરી શકશે નહીં, પરંતુ ફ્રિગેટ્સ અને સબમરીનની ભૂમિકા પણ ભજવશે.જ્બ-30 ની ઓપરેશનલ ક્ષમતાઓને વેગ આપવા માટે ઈલેક્ટ્રિક વોરફેર સ્યુટ નું મેળવાશે. ઊઠ્જપાસે એરક્રાફ્ટ માટે એક્સટર્નલ સેલ્ફ પ્રોટેક્શન જામર પોડ, નેક્સ્ટ જનરેશન રડાર વોર્નિંગ રીસીવર વગેરે હશે. ઊઠ્જ જી-30 ખઊઈં ની ક્ષમતાઓને વધારશે અને હુમલાઓ અને મિશન દરમિયાન તેને દુશ્મનના રડારથી સુરક્ષિત કરશે.નવેમ્બર મહિનાની શરૂઆતમાં ભારતે મોજાંબિકને ભેટમાં ફાસ્ટ ઈન્ટરસેપ્ટર ક્રાફ્ટ આપ્યા હતા. જેનો હેતુ હિન્દ મહાસાગર વિસ્તારોમાં સહયોગ વધારવાનો હતો. ભારત ઈલેક્ટ્રોનિક્સ એવી ડિફેન્સ પીએસયૂમાં શામિલ છે કે, જેને ભારતીય એરફોર્સ માટે ઊઠ્જ તૈયાર કર્યા હતા.એ સાધનોના ઓપરેશનલ લાઈફને લંબાવવાના ઉદ્દેશ્ય સાથે ઝ-૭૨ અને ઝ-૯૦ ટેન્ક અને સુખોઈ ફાઈટર એરક્રાફ્ટના એન્જિનની જાળવણીને પણ મંજૂરી આપી છે.



## તંત્રી લેખ

–રાજેશ યુ. બગડાઈ

# કિસાનની કમનસીબી



ડુંગળીનું ઉત્પાદન કરતા ખેડૂતોની સમસ્યા એ છેકે તમણે ૨૮ રૂપિયે ડુંગળી વેચી હતી જે બજારમાં ૧૦૦ રૂપિયે કિલો વેચાય છે. ખેડૂત વિચારે છે કે જો અમે છૂટક બજારમાં સીધોજ માલ વેચીએ તો ચાર ગણો નફો મળી શકે છે. કિસાનની કમનસીબી એ છે કે તેની પાસે ડુંગળીનો જથ્થો સંગ્રહ કરી રાખવાની  જગ્યા નથી હોતી તેમજ ઉત્પાદનની કિંમત વધે તેની રાહ જોવાની ધીરજ પણ નથી હોતી. કિસાનોને માર્કેટીંગ નથી ફાવતું તેમજ તે જુના ચીલા પર ચાલ્યા કરવામાં ટેવાયેલો હોય છે. ઉત્પાદન કરનારને કિલોએ ૨૮ રૂપિયા મળે જ્યારે છૂટક બજાર ભાવ ૧૦૦ રૂપિયે કિલો હોય ત્યારે એ વાત વિચાર માંગી લે એવી છે કે માર્કેટમાં વચેટીયાઓ પરસેવો પાડયા વગર તગડી કમાણી કરી લે છે. આ લોકો પાસે રોકાણનો પૈસો છે. ડુંગળીનો સંગ્રહ કરવાના ગોડાઉન પણ છે. ભારતમાં ડુંગળીના ભાવ અનિશ્ચિત જોવા મળે છે.

જીવન જરૂરી રોજીંદી ચીજોમાં ખાસ કરીને શાકભાજીના ભાવોમાં ડુંગળી, ટામેટા અને બટાકા જેવા રોજીંદા વપરાશમાં લેવાતા શાકભાજીના ભાવોમાં એનક વાર બહુ મોટો ઉછાળો જોવા મળે છે. આવો ઉછાળો થવાથી લોકો માટે કેટલાક શાકભાજી જેવાંકે પરવર, કારેલાં, ચોળી, ગવાર વગરે સપનાં સમાન બની જાય છે. બટાકા ઇન્ટરનેશન શાકની યાદીમાં આવે છે જે અન્ય ગમે તે શાક સાથે મેળવી શકાય છે. જ્યારે બટાકાના ભાવમાં ઉછાળો જોવા મળે છે ત્યારે મધ્યમ વર્ગ બહુ મુશ્કેલીમાં મુકાયો હતો. ડુગળીને ગરીબોની કસ્તુરી કહી છે. કેમકે તે પૌષ્ટીક પણ હોય છે તેમજ તેને રોટલા સાથે કાચી પણ ખાવામાં આવે છે. જ્યારે ડુંગળીની શોર્ટેજ ઉભી થઇ ત્યારે પાંઉભાજી બનાવતી દુકાનો તેની જગ્યાએ કોબીજના પાંદડાનો ઉપયોગ કરતા હતા. મોટી હોટલોમાં નાની સાઇઝની આખી કાચી ડુંગળી પીરસાય છે. કચુંબરમાં પણ ડુંગળીનો વિશેષ ઉપયોગ થાય છે. એટલેજ સરકાર ડુંગળીનો બફર સ્ટોક રાખે છે જેથી તેની શોર્ટેજ ઊભી ના થાય.

કેન્દ્ર સરકારે ગયા મહિને કાંદા એક્સપ્રેસ બે સેન્ટરો પર મોકલી હતી.સરકારે ૩૫ રૂપિયે કિલો ડુંગળી વેચવા માટે બફર સ્ટોકમાંથી સ્ટોક મોકલાવ્યા હતો . આ ડુંગળી લેવા લાઇનો લાગી હતી. સરકારે ડુંગળીનો બફર સ્ટોક ૪૭૦,૦૦૦ ટનનો રાખ્યો છે. તે પૈકી કેટલોક જથ્થો કાંદા એક્સપ્રેસ મારફતે ૧૪ સેન્ટરોને મોકલીને ડુંગળીનો ભાવ વધારો નિયંત્રણમાં રાકવાનો પ્રયાસ કર્યો હતો. જીવન જરૂરી ચીજોમાં ડુંગળી અને બટાકાનો સમાવેશ થાય છે.  દેશના કેટલાક શહેરોમાં ૧૦૦ રૂપિયે કિલા ડુંગળી વેચાતા સરકાર ચિંતામાં છે.મહારાષ્ટ્ર અને મધ્યપ્રદેશમાં વધુ વરસાદના કારણે ડુંગળીનો પાક ઓછો ઉતર્યો છે. ઓનલાઇન અને ક્વિક કોમર્સ પ્લેટફોર્મ પર ડુંગળીનો ભાવ ૧૦૦ રૂપિયે કિલો છે.

ડુંગળીને કાપીને સમારવાથી આંખમાં પાણીની આ વાત નથી પણ તેનો ૧૦૦ રૂપિયા ભાવ છે તે જાણીને આંખમાં પાણી આવે છે. મહારાષ્ટ્રમાં ડુગળીના ઉત્પાદનમાં મોટો ઘટાડો નોંધાયો છે. એવુંજ મધ્ય પ્રદેશમાં પણ છે.મહારાષ્ટ્રમાં ચૂંટણીના કારણે પણ ડુંગળીના ભાવ વધ્યા હોવાનું કહેવાય છે.  દિલ્હી, લખનૌ, કોલકત્તા જેવા શહેરોમાં ડુંગળી ૧૦૦ રૂપિયે કિલો વેચાઇ રહી છે. ડુંગળીનો નવો ફાલ તૈયાર થઇ રહ્યો છે. હાલમાં વેચાતી ડુંગળી કોલ્ડ સ્ટોરેજની હોય છે. એક અહેવાલ અનુસાર અલવરમાં તૈયાર થયેલો ડુંગળીનો નવો ફાલ દિલ્હીની માર્કેટમાં આવી ગયો છે. હવે જ્યારે દિલ્હીમાં લગ્નોની મોસમ આવી રહી છે ત્યારે ડુંગળીના ભાવ ઉછળશે તે નક્કી છે. ડિસેમ્બરના મધ્યભાગ સુધી ડુંગળીના ભાવો અનિશ્ચિત રહી શકે છે.

# અંતે સંસદમાં કામકાજનો પ્રારંભ સંભલ મુદ્દે અખિલેશના ભાજપ પર પ્રહાર



નવી દિલ્હી, તા.૩

સંસદના શિયાળુ સત્રમાં લગભગ પાંચ દિવસની ધાંધલ-ધમાલ બાદ હવે આજે વિપક્ષ અને સરકાર વચ્ચે સધાયેલી સમજુતી મુજબ લોકસભા અને રાજ્યસભાનું કામ શરુ થયું છે. જો કે લોકસભામાં અખિલેશ યાદવે ઉત્તર પ્રદેશના સંભલની ઘટનાને એક પૂર્વ નિર્ધારિત અને સમજપૂર્વકની રણનીતિ ગણાવતા આક્ષેપ કર્યો હતો કે ભાજપના શુભચિંતકો વારંવાર મસ્જિદોમાં ખોદકામની માંગણી કરે છે પરંતુ એક દિવસ આ ખોદકામ દેશના એખલાસભર્યા વાતાવરણને બગાડશે. તેમણે આ મુદ્દે ભાજપને ભીંસમાં લીધો હતો

જો કે સરકાર તરફથી કોઇ પ્રતિભાવ ન મળતાં વિપક્ષોએ હોકઆઉટ કર્યો હતો. સરકાર અને વિપક્ષ વચ્ચે થયેલી સમજુતી મુજબ આજે સંસદના બન્ને ગૃહોમાં કામકાજ શરુ થયા હતા. જો કે આ પૂર્વે સંસદ ભવન બહાર વિપક્ષોએ મોદી-અદાણી એક હૈના નારા સાથે પોસ્ટર અને પ્લેકાર્ડ દર્શાવી વિરોધ કર્યો હતો. જેમાં રાહુલ તેમજ પ્રિયંકા ગાંધી પણ જોડાયા હતા.

જો કે બાદમાં વિપક્ષોએ સંસદમાં સંભલ સહિતના મુદ્દે ચર્ચાની માંગણી કરી હતી રાજ્યસભામાં સમાજવાદી પક્ષના સાંસદ રામગોપાલ યાદવએ ઉત્તરપ્રદેશમાં પેટા ચૂંટણી સમયે અનેક વિસ્તારોમાં મુસ્લિમોને મતદાન કરતા રોકવામાં આવ્યા હતા તેવો આક્ષેપ કરીને સરકારને ભીંસમાં લીધી હતી.

અખિલેશ યાદવએ લોકસભામાં મોરચા સંભાળ્યો હતો.

# રાજકારણ એટલે અસંતુષ્ટ આત્માઓનો સાગર, જ્યાં દરેક વ્યકિત દુખી છે : ગડકરી

નાગપુર,તા.૩

કેન્દ્રીય પ્રધાન નીતિન ગડકરીએ કહ્યું છે કે, રાજકારણ અસંતુષ્ટ આત્માઓનો સાગર છે, જ્યાં દરેક વ્યક્તિ દુખી હોય છે અને પોતાની વર્તમાન સ્થિતિ કરતાં ઊંચા હોદ્દા માટે ઇચ્છુક હોય છે. રવિવારે નાગપુરમાં ૫૦ ગોલ્ડન રૂલ્સ ઓફ લાઇફ નામના પુસ્તકના લોકાર્પણ પ્રસંગે બોલતા ગડકરીએ વધુમાં જણાવ્યું હતું કે જીવન સમાધાન, મજબૂરીઓ, મર્યાદાઓ અને વિરોધાભાસોનો ખેલ છે.



વ્યક્તિ પારિવારિક, સામાજિક, રાજકીય કે કોર્પોરેટ જીવનમાં હોય, જીવન પડકારો અને સમસ્યાઓથી ભરેલું હોય છે અને તેનો સામનો કરવા માટે વ્યક્તિએ જીવન જીવવાની કળા સમજવી જોઇએ, એમ ભાજપના વરિષ્ઠ નેતાએ જણાવ્યું હતું.

પ્રધાને રાજસ્થાનમાં યોજાયેલા એક કાર્યક્રમને યાદ કર્યો હતો, જેમાં તેમણે કહ્યું હતું કે રાજકારણ એ અસંતુષ્ટ લોકોનો મહેરામણ હોય છે, જ્યાં દરેક વ્યક્તિ ઉદાસ હોય છે

જે નગરસેવક બને છે તે દુખી છે કારણ કે તેને વિધાનસભ્ય બનવાની તક મળી નથી, અને વિધાનસભ્ય દુખી છે કારણ કે તેને મંત્રીપદ મળી શક્યું નથી. મંત્રી બન્યા પછી સારું ખાતું નહીં મળવાથી અને મુખ્ય પ્રધાન નહીં બની શકવાથી દુખી છે અને મુખ્યમંત્રી ટેન્શનમાં છે કારણ કે તેમને ખબર નથી કે હાઇકમાન્ડ તેમને ક્યારે દરવાજો દેખાડી દેશે.

## આ વખતે શિયાળો હુંફાળો રહેશે  કોલ્ડવેવના દિવસો ઓછા હશે

ભારતમાં શિયાળાનો પ્રવેશ થઈ ગયાના મહિના પછી પણ હજુ કોઈ કડકડતી ઠંડી શરૂ થઈ નથી ત્યારે હવામાન વિભાગે એવી આગાહી કરી છે કે શિયાળો પ્રમાણમાં હુંફાળો જ રહેવાનો છે. શિયાળામાં સામાન્ય રીતે પથીક વખત કોલ્ડવેવની સ્થિતિ સર્જાતી હોય છે પરંતુ આ વખતે કોલ્ડવેવના દિવસો પણ ઓછા રહેવાની સંભાવના છે. ભારતમાં નવેમ્બર મહિનો ૧૯૦૧ પછીનો સૌથી ગરમ બની રહ્યાના બીજા જ દિવસે હવામાન વિભાગ દ્વારા આખરી રિપોર્ટ જારી કરાયો છે. નવેમ્બરનું સરેરાશ તાપમાન ૨૯.૩૭ ડીગ્રી રહ્યું હતું જે નોર્મલ ૨૮.૩૫ ડીગ્રી કરતા ૦.૬૨૩ ડીગ્રી વધુ હતુ.  ભારતીય હવામાન વિભાગના ડાયરેક્ટર જનરલ મૃત્યુંજય મહાપાત્રએ જણાવ્યું હતું કે ડિસેમ્બરથી ફેબ્રુઆરીના શિયાળાના મહિનાઓમાં ન્યુનતમ તાપમાન નોર્મલ કરતા ઉંચુ જ રહેવાની સંભાવના છે.

# ગુજરાતમાં ૪ વર્ષમાં GST ચોરીના ૧૨૮૦૩ કેસ નોંધાયા, ૧૦૧ની ધરપકડ

## સરકારનો સંસદમાં ખુલાસો




ગુજરાતમાં છેલ્લા ચાર વર્ષમાં જીએસટી-ગુડ્સ એન્ડ સર્વિસ ટેક્સની ચોરી કરવાના ૧૨૮૦૩ કેસ કરીને ૧૦૧થી વધી વ્યક્તિઓની ધરપકડ કરવામાં આવી છે, એમ નાણાં મંત્રી નિર્મલા સીતારમણે મંગળવારે સંસદમાં માહિતી આપતા જણાવ્યું હતું. કેન્દ્રિય જીએસટી કચેરીના અધિકારીઓએ આ કેસ કરેલા છે. ભારતીય ન્યાય સંહિતા હેઠળ તેને માટે જવાબદાર વ્યક્તિઓ સામે ત્રણ એફઆઈઆર ફાઈલ કરવામાં આવેલી છે. આ એફઆઈઆરમાં ત્રણ વ્યક્તિઓના નામનો ઉલ્લેખ કરવામાં આવેલો છે. ૩૦મી ઓક્ટોબર ૨૦૨૪ સુધીના આંકડાઓ જાહેર કરવામાં આવ્યા છે. આ ૧૨૮૦૩ કેસોમાં ભારતીય ન્યાયસંહિતાની જોગવાઈ મુજબ કેસ કરીને ૧૦૧ જણની ધરપકડ કરવામાં આવેલી છે. સીજીએસટી એક્ટની કલમ ૬૯ની જોગવી હેટળ ૧૦૧ જણની ધરપકડ કરવામાં આવેલી છે. રાજ્યસભામાં એક અલગ જ સવાલનો જવાબ આપતા નાણાં ખાતાના રાજ્ય કક્ષાના મંત્રી પંકજ ચૌધરીએછેલ્લા પાંચ વર્ષ દરમિયાન જીએસટીની થયેલી આવકના આંકડાઓની વિગતો આપવાની સૌથી સાથે જીએસટીની થયેલી આવકની વિગતો પણ આપી હતી.

૨૦૨૩-૨૪ના વર્ષમાં દેશમાં ગુડ્સ એન્ડ સર્વિસ ટેક્સની કુલ આવક રૂ. ૨૦.૧૮ લાખ કરોડની થઈ હતી. તેની સામે રૂ. ૨.૦૮ લાખ કરોડનું રિફંડ આપવામાં આવ્યું હતું. ૨૦૨૨-૨૩ના વર્ષમાં જીએસટીની કુલ આવક રૂ. ૧૮.૦૮ લાખ કરોડની હતી. આ વરસે રૂ.૨.૨૦ લાખ કરોડનું રિફંડ ચૂકવવામાં આવ્યું હતું. ૨૦૨૧-૨૨ના વર્ષમાં જીએસટીની કુલ આવક રૂ. ૧૪.૮૩ લાખ કરોડની થઈ હતી. ૨૦૨૦-૨૧ના વર્ષમાં જીએસટીની આવક રૂ. ૧૧.૩૭ લાખ કરોડની થઈ હતી. તેમાંથી ૧.૮૩ લાખ કરોડના રિફંડ ઈશ્યૂ કરવામાં આવ્યા હતા. ૨૦૨૦-૨૧ના વર્ષમાં રૂ. ૧.૨૫ લાખ કરોડનું રિફંડ આપવામાં આવ્યું હતં. ચાલુ નાણાંકીય વર્ષમાં એપ્રિલથી ઓગસ્ટ ૨૦૨૪ના સમયગાળામાં જીએસટીનીકુલ આવક રૂ.૧૨.૭૪ લાખ કરોડન થઈ ગઈ છે. તેમાંથી કુલ રૂ. ૧૨.૭૪ લાખ કરોડનું કલેક્શન થયું હતું. તેમ જ ૧.૪૭ લાખ કરોડનું રીફંડ ચૂકવવામાં આવ્યું હતું. જીએસટીની ચોખ્ખી આવક રૂ.૧૧.૨૭ લાખ કરોડનું રિફંડ આપવામાં આવ્યું હતું. જીએસટીની ચોખ્ખી આવક રૂ. ૧૧.૨૭ લાખ કરોડની થઈ હતી



# ચાલુ માસમાં પણ રાજ્યમાં રેશનીંગના લાખો લાભાર્થીઓ તુવેરદાળ - ચણાથી વંચિત રહેશે!

રાજકોટઃ છેલ્લા કેટલાક મહિનાઓથી રાજકોટ સહિત રાજ્યભરમાં રેશનીંગનાં લાભાર્થીઓને તુવેરદાળ અને જણાનો જથ્થો અપૂરતો અપાય છે. તો, ક્યારેક ફાળવણી જ થતી નથી. આથી વેપારીઓ અને લાભાર્થીઓ વચ્ચે વારંવાર ઘર્ષણ થાય છે અને કારણ વિનાનો દેકારો બોલી જાય છે. ત્યારે ફરી ચાલુ ડિસેમ્બર માસ દરમ્યાન તુવેરદાળ અને ચણાનો માત્ર ૫૦ ટકા જેટલો જથ્થો વેપારીઓને ફાળવવામાં આવતા ફરી ચાલુ માસે દાળ અને ચણા પ્રશ્ને વેપારીઓ અને ગ્રાહકો વચ્ચે ઘર્ષણ થવાની પૂરી શકયતા છે.

વેપારી વર્તુળોમાંથી મળતી વધુ વિગતો મુજબ એક તરફ પુરવઠાનું સર્વર ગમ્મે ત્યારે દગો દે છે. તો, બીજી તરફ વિતરણ માટેની જણસીની અનિયમિતતાથી વેપારીઓને ગ્રાહકો સાથે છાશવારે માથાકુટ થાય છે.

ત્યારે અધુરામાં પુરૂ હોય તે રીતે ફરી એકવાર ચાલુ માસમાં તુવેરદાળ અને ચણાનો જથ્થો અર્ધો જ ફાળવાતા વેપારી વર્ગ ભારે પરેશાન થઈ ગયો છે. વેપારી સંગઠનનાં આગેવાનોનાં જણાવ્યા મુજબ આ વિકટ પ્રશ્ને વારંવાર વેપારીઓ, હેરાન પરેશાન થઈ રહ્યા છે ત્યારે વહેલી તકે આ સમસ્યા નિવારવા માટે ચાલુ સપ્તાહમાં જ વેપારી સંગઠન ડીએસઓ અને રાજ્યના પુરવઠા સચિવને મળી રજૂઆત કરવાના છે.દરમ્યાન વેપારીઓના જણાવ્યા મુજબ રાજ્યની ૧૭૦૦૦ સસ્તા અનાજની દુકાનોમાં ડીસેમ્બર ૨૦૨૪ના મહીના માટે રાજ્ય સરકારની કલ્યાણકારી યોજના મારફત ગરીબ જનતાને આપવામાં આવતી વિવિધ જણસીઓમાં દાળ અને ચણાની ફકત ૫૦% જ ફાળવણી કરવામાં આવી છે, તેના પરિણામે ગુજરાત રાજ્યના ૭૫,૨૬,૧૨૩ કાર્ડ હોલ્ડરોમાંથી અડધો અડધ કાર્ડ હોલ્ડરો તુવેરદાળ અને ચણા જેવી જણસીઓથી વંચીત રહેશે અને આ ફકત ડીસેમ્બર ૨૦૨૪ના માસ માટે જ નથી લગભગ છેલ્લા ત્રણ વર્ષથી આ સીલસીલો ચાલતો આવે છે.

**ઉપરથી જ અર્ધો જથ્થો ફાળવાયો વેપારી – ગ્રાહકો વચ્ચે ફરી ઘર્ષણ થશે! વેપારી સંગઠ્ઠન ફરી રજૂઆત કરવા મજબુર.. પરંતુ, કોઈ સાંભળશે?**

કોઈક મહીનો તુવેરદાળ, કોઈક મહીનો ખાંડ, કોક મહીનો ચણા જેવી વિવિધ જણસીઓથી કાર્ડ હોલ્ડરને વંચીત રહેવું પડે છે દર પહેલી તારીખે રાજ્ય સરકાર વિવિધ મળવાપાત્ર જણસીઓની જાહેરાત પ્રસિધ્ધ કરતી હોય છે. પરંતુ એ મુજબનો જથ્થો રાજ્ય સરકારના ગોડાઉન, સસ્તા અનાજની દુકાનો કે આ વિવિધ જણસીઓના સપ્લાયરો પાસે પણ હોતી નથી પરીણામે આવી જાહેરાતો વાંચીને રાશનકાર્ડ ધારકો સસ્તા અનાજની દુકાન ખાતે ધસારો કરીને વિવિધ જણસીઓની માંગણી કરતા હોય છે.સસ્તા અનાજની દુકાન ખોલે અપુરતા જથ્થાની ફાળવળી થયેલી હોવાના કારણે સસ્તા અનાજના દુકાનદારો આ કાર્ડધારકોની માંગણી સંતોષી શકતા નથી અને કેટલાક ગ્રાહકોની તીવ્ર માંગણીઓના કારણે સસ્થા અનાજના દુકાનદાર અને કાર્ડ ધારકો વચ્ચે ઘર્ષણ પેદા થાય છે. પરિણામે સસ્તા અનાજના દુકાનદારની ખુબજ ખરાબ વલે થાય છે.

### વિદાય લેતા પ્રદેશ પ્રમુખ દ્વારા ગુજરાત ભાજપના તમામ સાંસદો-ધારાસભ્યોને સાગમટે આમંત્રણ

# આજે દિલ્હીમાં સી.આર.પાટીલનું સ્નેહમિલન

## વડાપ્રધાન અને અમિતભાઈ પણ ઉપસ્થિત રહેશે



રાજકોટ ગુજરાતમાં ચાલી રહેલા સંગઠન પર્વ અને આગામી સમયમાં નવા પ્રદેશ પ્રમુખ તથા રાજયના મંત્રીમંડળની નવરચના વચ્ચે આવતીકાલ કેન્દ્રીયમંત્રી તથા પ્રદેશ ભાજપ પ્રમુખ શ્રી સી.આર.પાટીલે દિલ્હીમાં ગુજરાત ભાજપનું સ્નેહમિલન યોજ્યુ છે જેમાં મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્ર પટેલ ઉપરાંત મંત્રીમંડળના તમામ સભ્યો અને ગુજરાત ભાજપના તમામ ધારાસભ્યો અને રાજયમંત્રી ચુંટાયેલા લોકસભા રાજયસભાના સાંસદો પણ હાજર રહેશે. શ્રી પાટીલના દિલ્હી ખાતેના નિવાસસ્થાને યોજાયેલા આ સ્નેહમિલન કમ ભોજન સમારોહ એ ભાજપમાં ઉત્સુકતા સર્જી છે.શ્રી પાટીલનું એકસટેન્ડેડ- પ્રદેશ પ્રમુખપદની મુદતનો હવે સંક્રાંત બાદ અંત આવશે અને નવા સંગઠન માળખા સાથે નવા પ્રદેશ પ્રમુખ ગુજરાતને મળશે તેની પાટીલ લગભગ સાડાચાર વર્ષ સુધી જે રીતે પ્રદેશ પ્રમુખ રહ્યા તેમાં સૌનો આભાર માની વિદાય પણ લેશે તે સંકેત છે. આ સ્નેહમિલનમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને ગૃહમંત્રી શ્રી અમીત શાહ ઉપરાંત ગુજરાતનું પ્રતિનિધિત્વ કરતા કેન્દ્રીય મંત્રીઓ પણ ઉપસ્થિત રહેશે. આ માટે ધારાસભ્યોને પણ દિલ્હી પહોંચવા જણાવાયુ છે. આ માટે ધારાસભ્યો પોતપોતાની રીતે દિલ્હી પહોંચી જશે. સૂત્રોના જણાવ્યા મુજબ ૧૪૦ ધારાસભ્યો દિલ્હી જશે તેવા સંકેત છે.

શ્રી પાટીલના નેતૃત્વમાં જે રીતે ગુજરાતમાં ભાજપે વિધાનસભા ચૂંટણીમાં ૧૫૬ બેઠકો મેળવી અને હવે પેટાચુંટણીઓ બાદ ૧૮૨ બેઠકોની વિધાનસભામાં ભાજપના ૧૬૨ સભ્યો છે તે પાટીલ માટે એક મોટી રાજકીય સફળતા છે.બાદમાં લોકસભા ચૂંટણીમાં પણ ભાજપને ૨૬માંથી ૨૫ બેઠકો મળી છે અને હવે પાટીલ તેમનું પ્રદેશ પ્રમુખ તરીકેનું છેલ્લુ ટાસ્ક સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓની ચુંટણીમાં પક્ષને વિજય ભણી લઈ જશે તેવો વિશ્વાસ છે અને તેથી જ તેઓને હજું સંક્રાંત સુધી પ્રદેશ પ્રમુખ તરીકે ફરજ બજાવવા જણાવાયુ છે. આ સ્નેહમિલન જે રીતે પાટીલનો વિદાય સમારોહ પણ બની શકે છે.

# મહારાષ્ટ્રના મુખ્યમંત્રી કોણ!

# આજે સસ્પેન્સનો અંત આવશે

## મુંબઈના આઝાદ મેદાનમાં શપથવિધિની તૈયારી શરૂ ત્રણ મંચ બનાવાશે

મુંબઈ, તા.૩

મહારાષ્ટ્રમાં મુખ્યમંત્રી નિશ્ચિત કરવાની શરુ થયેલી પ્રક્રિયા વચ્ચે આવતીકાલે ૧૦ વાગ્યે ભાજપના નવા ચૂંટાયેલા ધારાસભ્યોની બેઠક મળશે અને તેમાં પક્ષના વિધાનસભાના નેતા ચૂંટી કઢાયા બાદ મહાયુતિને ત્રણેય પક્ષની સંયુક્ત બેઠક મળશે અને બાદમાં રાજયના નવા મુખ્યમંત્રીનું નામ જાહેર થશે.

ભાજપ દ્વારા નિયુક્ત કરાયેલા કેન્દ્રીય નિરીક્ષક નાણામંત્રી સીતારામન અને



ગુજરાતના પૂર્વ મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી આજે સાંજે મુંબઈ પહોંચશે અને તેઓ આવતીકાલે સવારે ૧૦ વાગ્યે વિધાનસભાના સેન્ટ્રલ હોલમાં ભાજપના ધારાસભ્યોની બેઠકમાં નિર્મલા સીતારામન સાથે હાજરી આપશે બાદમાં તમામ ધારાસભ્યોના મંતવ્ય જાણ્યા બાદ બંને નીરીક્ષકો મોવડી મંડળ સાથે વાતચીત કરશે અને બાદમાં નવા મુખ્યમંત્રીનું નામ જાહેર કરશે. સુત્રોના જણાવ્યા મુજબ રાજયમાં મુખ્યમંત્રી પદ માટે વર્તમાન નાયબ મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડનવીસ સૌથી અને ભાજપ મોવડી મંડળ કોઇ આશ્ચર્ય ન સર્જે તો તા.૫ના રોજ સાંજે ૫ વાગ્યે મુંબઈના આઝાદ મેદાનમાં શપથવિધિ યોજાશે અને તેમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી સહિત ભાજપના તમામ ટોચના નેતાઓ ભાજપ શાસન રાજયોના મુખ્યમંત્રીઓ પણ હાજર રહેશે. રાજયમાં ગત તા.૨૩ના રોજ વિધાનસભા ચૂંટણીના પરિણામો જાહેર થયા પછી ૧૦ દિવસ સુધી હજુ મુખ્યમંત્રી જાહેર ન થતાં જે વિખવાદ છે તેમાં કેટલા અંશે ઉકેલવામાં સફળતા મળી છે તે અંગે હજુ કોઇ સંકેત મળતા નથી.

વર્તમાન મુખ્યમંત્રી એકનાથ શિંદે સતત પોતાની નારાજગી દર્શાવી રહ્યા છે અને તેથી ભાજપ માટે વિલંબ નિર્ણયમાં મુકવો પડ્યો હોય તેવું માનવામાં આવે છે. પરંતુ હવે ભાજપે તેમાં આગળ વધવા નિર્ણય લઇ લીધો છે.

# રાજ્યની ૪૦ હજાર પ્રિ - સ્કુલોની હડતાલ : રજીસ્ટ્રેશનના આકરા નિયમોનો વિરોધ

**કોઇપણ હેતુનું બી.યુ. માન્ય રાખો  ગાંધીનગરમાં રજુઆત  રાજકોટ સહિતના શહેરોમાં સાંજે રેલી  પ્રિ-સ્કુલો એસો. દ્વારા ફરી અવાજ ઉઠાવાયો**






તસવીરઃ આનંદ સોમૈયા

રાજકોટ, તા. ૩

રાજકોટ સહિત રાજ્યભરમાં આજે ૪૦ હજાર પ્રિ-સ્કુલોએ હડતાલ પાડી રજિસ્ટ્રેશનના આકરા નિયમો સામે વિરોધ નોંધાવ્યો હતો તેની સાથોસાથ ગુજરાત ઇન્ડીપેન્ડન્ટ પ્રિ-સ્કુલ એસો. દ્વારા પ્રિ-સ્કુલ રજિસ્ટ્રેશનમાં રહેલી વિસંગતતા દુર કરવાની માંગણી સાથે રાજ્ય સરકાર સમક્ષ ધા નાંખવામાં આવી છે.

ગુજરાત ઇન્ડીપેન્ડન્ટ પ્રિ-સ્કુલ એસો. દ્વારા પ્રિ-સ્કુલ રજિસ્ટ્રેશનના આકરા નિયમો સામે ચાર માસ પછી ફરી આ અવાજ ઉઠાવવામાં આવેલ છે. જેમાં આજે રાજકોટથી ૧૦ હજાર સહિત રાજ્યની ૪૦ હજાર સ્કકુલોએ સજ્જડ બંધ પાળી સરકાર સામે લડતના મંડાણ કર્યા છે.

જેમાં રાજકોટ સહિત રાજ્યના શહેરોમાં પ્રિ-સ્કુલ એસો. દ્વારા રેલીનું પણ આયોજન કરવામાં આવેલ છે. રાજકોટમાં આજે સાંજના ૫ થી ૬ વાગ્યા દરમિયાન રેસકોર્સ બાલભવનથી પોલીસ હેડ કવાર્ટર સુધી રેલી યોજવામાં આવશે તેમ પ્રિ-સ્કુલ એસો.ના રાજકોટ ઝોનના ઝોન કો-ઓર્ડીનેટર ચિરાગ સાકરીયા, હરીશ ચૌહાણ તથા મિલન દોશીએ જણાવેલ હતું.

તેઓએ જણાવ્યું હતું કે, ગુજરાત ઇન્ડીપેન્ડન્ટ પ્રિ-સ્કુલ એસો. દ્વારા તમામ પ્રિ-સ્કુલ વતી નોંધણી નિયમમાં રહેલ વિસંગતતા દુર કરવા રાજ્ય સરકારમાં વારંવાર લેખિતમાં રજુઆતો કરેલ છે.

જેમાં કોઇપણ (રેસીડેન્સીયલ, કોમર્શિશયલ, એજ્યુકેશનલ) બી.યુ. પરમીશન માન્ય રાખવામાં આવે અને બી.યુ. પરમીશન ન હોવાના કિસ્સામાં સ્ટ્રકચરલ સ્ટેબિલિટી સર્ટીફીકેટને પણ માન્ય રાખવામાં આવે.

૧૫ વર્ષના રજીસ્ટર્ડ ભાડા કરારને બદલે સાદો ૧૧ મહિનાનો નોટરાઇઝડ ભાડા કરારની મંજુરી આપવામાં આવે તેમજ ટ્રસ્ટ / નોન પ્રોફીટ કંપની / સહકારી મંડળીની સાથે સાથે પ્રોપરાઇટર કે ભાગીદારીનો ઓપ્શન પણ પ્રિ-સ્કુલની નોંધણી માટે હોવો જોઇએ.

આ પ્રશ્નો હલ કરવા માટે તત્કાલ પગલા લેવા રજુઆત કરાયેલ છે.

જો આ પ્રશ્ન યોગ્ય કાર્યવાહી નહીં થાય તો પ્રિ-સ્કુલ એજયુકેશન સેકટર ખતમ થઇ જશે તેવો ભય વ્યકત કરવામાં આવેલ છે. પ્રિ-સ્કુલ રજિસ્ટ્રેશનના આકરા નિયમો સામે આજે રાજ્યભરની તમામ પ્રિ-સ્કુલએ બંધ પાળી રોષ વ્યકત કર્યો હતો.

# નરેન્દ્ર મોદી પીએમ બન્યાં પછી ગુજરાતમાં ૧૯ નવી મેડિકલ કોલેજોની સ્થાપના

## દેશભરમાં મેડિકલ કોલેજોમાં ૧૦૨ ટકાનો અને મેડિકલ સીટોમાં ૧૩૦ ટકાનો વધારો થયો

નવી દિલ્હી  આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલયનાં રાજ્ય મંત્રી અનુપ્રિયા પટેલે સંસદ સત્ર દરમિયાન જણાવ્યું કે વડાપ્રધાન નરેન્દ્ર મોદીની આગેવાની હેઠળની કેન્દ્ર સરકારનાં છેલ્લાં ૧૦ વર્ષમાં ગુજરાતમાં કુલ ૧૯ નવી મેડિકલ કોલેજોની સ્થાપના કરવામાં આવી હતી. ૨૦૧૩-૧૪ માં ૨૨ મેડિકલ કોલેજ હતી, જે ૨૦૨૪-૨૫ માં વધીને ૪૧ થઈ છે.

તેમણે જણાવ્યું કે, સરકારે મેડિકલ કોલેજોની સંખ્યામાં વધારો કર્યો છે અને ત્યારબાદ એમબીબીએસ સીટોમાં પણ વધારો કર્યો છે. તેમણે કહ્યું કે દેશભરમાં મેડિકલ કોલેજો ૨૦૧૪ પહેલાં ૩૮૭ હતી તે ૧૦૨ ટકા વધીને અત્યારે ૭૮૦ થઈ છે. વધુમાં, ૨૦૧૪ પહેલાં એમબીબીએસ સીટો ૫૧૩૪૮ હતી જેમાં ૧૩૦ ટકાનો વધારો થયો જે અત્યારે ૧૧૮૧૩૭ થઈ છે. તેમણે કહ્યું કે, હાલની જિલ્લા હોસ્પિટલો સાથે જોડાયેલ નવી મેડિકલ કોલેજોની સ્થાપના માટે કેન્દ્રિય પ્રાયોજિત યોજના હેઠળ ઝારખંડના દુમકા, હજારીબાગ, પલામુ, ચાઈબાસા અને કોડરમા જિલ્લામાં મેડિકલ કોલેજોને મંજૂરી આપવામાં આવી છે. નેશનલ હેલ્થ મિશન હેઠળ, આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલય રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોને તેમનાં પ્રોગ્રામ અમલીકરણ યોજનાઓમાં મૂકેલી જરૂરિયાતોના આધારે તેમની આરોગ્યસંભાળ પ્રણાલીઓને મજબૂત કરવા માટે નાણાકીય અને તકનીકી સહાય પૂરી પાડે છે.

વધુમાં, નેશનલ મેડિકલ કમિશન મેડિકલ કોલેજ શરૂ કરવા માટે પરવાનગીનો પત્ર જારી કરતી વખતે કોલેજનાં ભૌતિક મૂલ્યાંકન દ્વારા તેમનાં ધોરણો અનુસાર ફેકલ્ટી અને અન્ય જરૂરી સ્ટાફની ઉપલબ્ધ કરે છે.



# પ્રોપર્ટીમાં મંદી નડી નવેમ્બરમાં માત્ર ૯૬૪૫ દસ્તાવેજ આવકમાં ૩૫ કરોડનુ ગાબડુ

## ઓકટોબરની સાપેક્ષમાં ગત માસમાં દસ્તાવેજ નોંધણીની સંખ્યામાં ૪૮૩૯નો ઘટાડો મોરબી રોડ પર સૌથી વધુ ૧૧૪૮ તેમજ મવડીમાં ૮૬૧, મવામાં ૫૬૮ અને કોઠારીયામાં ૫૭૯ મિલ્કતોના નોંધાયા દસ્તાવેજ

રાજકોટ તા.૩

રાજકોટ શહેર-જિલ્લામાં નવી જંત્રીની હજુ અમલવારી થયેલ નથી તે પુર્વે મિલ્કતો (પ્રોપર્ટી)ના ખરીદ-વેચાણમાં મંદીનું ગ્રહણ આવી પડયું છે. ગત નવેમ્બર માસ દરમ્યાન માત્ર ૯૬૪૫ મિલ્કતોનું વેચાણ થતા દસ્તાવેજ નોંધણીની આવકમાં ૩૪.૪૯ કરોડનો મસમોટો ગાબડુ પડી ગયુ છે.

અહી ઉલ્લેખનીય છે કે ઓકટોબર ૨૦૨૪ દરમ્યાન રાજકોટ શહેર-જિલ્લામાં ૧૪૪૮૪ મિલ્કતોનું વેચાણ થતા તેના દસ્તાવેજોની નોંધણીમાં તેની ફી અને યુઝડ ડયુટી પેટે રૂા.૮૫૫૩૬૧૨૭૪ની આવક થવા પામી હતી. ત્યારે ગત નવેમ્બર માસ દરમ્યાન રાજકોટ જિલ્લામાં માત્ર ૯૬૪૫ મિલ્કતોનું વેચાણ થવા પામેલ છે તેના દસ્તાવેજોની નોંધણીમાં તેની ફી અને યુઝડ ડયુટી પેટે રાજય સરકારને કુલ રૂા.૫૧૦૩૯૨૭૪૧ની આવક થવા પામી છે. આમ ઓકટોબર મહિનાની સાપેક્ષમાં ગત નવેમ્બર માસમાં દસ્તાવેજોની નોંધણીની આવકમાં રૂા.૩૪.૪૯ કરોડનું ગાબડુ પડયું છે.

નવેમ્બર માસમાં રાજકોટમાં સૌથી વધુ મોરબી રોડ પર ૧૧૪૮ મિલ્કતોનું વેચાણ થતા તેના દસ્તાવેજોની નોંધણી સબરજીસ્ટ્રાર કચેરીમાં થવા પામી છે. મોરબી રોડ પર ૧૧૪૮ મિલ્કતોનું વેચાણ થતા તેના દસ્તાવેજની નોંધણીમાં રાજય સરકારને રૂા.૬૩૭૭૪૭૫૧ની આવક થવા પામી છે. જયારે રૈયા વિસ્તારમાં ૬૯૭, કોઠારીયા વિસ્તારમાં ૫૭૯, મવા વિસ્તારમાં ૫૬૮, રાજકોટ ગ્રામ્યમાં મિલ્કતોનું વેચાણ થતા તેના દસ્તાવેજોની નોંધણી સબરજીસ્ટ્રાર કચેરીમાં થવા પામી છે. જયારે જિલ્લાના ઉપલેટા તાલુકામાં ૩૩૪, પડધરી તાલુકામાં ૧૮૪, જામકંડોરણા તાલુકામાં ૮૯, ધોરાજી તાલુકામાં ૨૪૩, વિંછીયા તાલુકામાં ૮૦, જેતપુર તાલુકામાં ૫૩૨, રતનપરમાં ૭૦૯, રાજકોટ-૧માં ૬૯૧, જસદણમાં ૩૩૩, લોધીકામાં ૬૭૨, કોટડાસાંગાણીમાં ૩૨૧ અને ગોંડલ તાલુકામાં ૯૭૭ મિલ્કતોનું નવેમ્બર માસમાં વેચાણ થતા તેના દસ્તાવેજોની નોંધણી સબરજીસ્ટ્રાર કચેરીમાં થવા પામેલ છે. જીલ્લામાં ઓકટોબર માસની સાપેક્ષમાં નવેમ્બર માસમાં દસ્તાવેજ નોંધણીની સંખ્યામાં ૪૮૩૯નો ઘટાડો થવા પામ્યો છે.

### પ્લાનમાં બિલ્ડરે સોલાર સિસ્ટમ બતાવી હોય તો ફલેટધારકોને ઈન્સ્ટોલ કરી દેવી પડે રેરાનો ચુકાદો

# બાંધકામમાં ખામીથી માંડીને જરૂરી રીપેરીંગ કરી દેવા બિલ્ડર કંપનીને આદેશ

ગાંધીનગર, તા.૩

રાજયના રહેણાંક એપાર્ટમેન્ટમાં સોલર સિસ્ટમ ઈન્સ્ટોલ કરવા બાબતે બિલ્ડરો અને સોસાયટી વચ્ચે વિવાદો થતા હોય છે ત્યારે એક મહત્વના ચુકાદ્ધામાં ગુજરાત રીયલ એસ્ટેટ રેગ્યુલેટરી ઓથોરિટી દ્બારા ઠરાવવામાં આવ્યું હતું કે, જો બિલ્ડર દ્બારા રેરામાં મંજૂર કરાવેલા પ્લાનમાં એપાર્ટમેન્ટમાં સોલર સિસ્ટમ નાખવાનો ઉલ્લેખ કર્યો હોય તો તે નાખી આપવું પડે.

આ સાથે રેરા દ્બારા વાડજ વિસ્તારમાં આવેલા શાશ્વત ફ્લેટમાં સોલર સિસ્ટમ નાખી આપવાનો તેમજ આ ફ્લેટમાં નબળા બાંધકાના કારણે ફ્લેટ નંબર ૧૦૧ થી ૭૦૧ અને ફ્લેટ નંબર ૧૦૨ થી ૭૦૨માં વોટર લીકેજ થતું હોવાથી તેનું સમારકામ કરી આપવા વિકાસ ઈન્ફ્રાસ્ટ્રક્ચર નામને બિલ્ડર ફર્મને આદેશ કર્યો હતો.




કેસની વિગતો મુજબ અમદાવાદના વાડજ વિસ્તારમાં આવેલા શાશ્વત એપાર્ટમેન્ટની સમિતી દ્બારા બિલ્ડર વિકાસ ઈન્ફ્રાસ્ટ્રક્ચર સામે કેસ કરવામાં આવ્યો હતો કે તેઓ દ્બારા સાત માળનું બિલ્ડીંગ બાંધવામાં આવ્યું છે. તેમા ૩૦ ફ્લેટ છે. પરંતુ તેમાં અનેક ખામીઓ રાખવામાં આવી છે અને આવી દસ ખામીઓ બાબતે રેરામાં કેસ કરવામાં આવ્યો હતો.

તે મુજબ બિલ્ડીંગમાં ઊંડી અને મોટી તિરાજો પડી ગઈ હોવાથી ફ્લેટોમાં પાણી આવે છે. વરસાદમાં ડોલથી ઉલેચવું પડે તેટલું બધુ પાણી આવે છે. ડ્રેનેજ સિસ્ટમમાં લીકેજ છે. અન્ડરગ્રાઉન્ડ પાણીની ટાંકી ઉપર સોસાયટીના કોમન સંડાસ બાથરૂમ બાંધવામાં આવ્યા હોવાથી તેનું પાણી લીકેજ થઈને અન્ડરગ્રાઉન્ડ ટાંકીમાં પડે તો રહીશોના આરોગ્ય સામે જોખમ થાય તેમ છે. પાર્કીંગની સમસ્યા છે.

સિક્યુરીટી કેબિન બનાવી આપેલ નથી. ગ્રાઉન્ડ ફ્લોરના ફ્લેટ ધારકો દ્બારા કોમન જગ્યાઓ પચાવી પાડવામાં આવી છે. ચિલ્ડ્રન પ્લે એરિયા ક્લબ હાઉસ બનાવી આપેલ નથી. આ બાબતે બિલ્ડર દ્બારા જવાબ રજૂ કરવામાં આવ્યો હતો કે, સ્ટ્રક્ચરલ ડિફેક્ટ માટે રીપેરીંગ કામ કરી આપેલ છે. અન્ડરગ્રાઉન્ડ ટાંકી ઉપર સંડાસ બાથરૂમ સોસાયટી બીજે ખસેડી કે તોડી નાખી શકે છે.ચિલ્ડ્રન પ્લે એરિયા, ક્લબ હાઉસ વગેરે નક્શામાં કે બ્રોશરમાં આપવામાં આપેલ છે તેથી બનાવી આપેલ નથી. સોસાયટીના કેટલાક સભ્યો દ્બારા કોમન જગ્યા પચાવી પાડી હોવાથી તેમની અને સોસાયટી વચ્ચે દિવાની દાવો ચાલે છે તેથી રેરામાં દાદ માંગી શકાય નહી. સોસાયટી દ્બારા આપવામાં આવેલી લીગલ નોટીસના જવાબમાં સોલર સિસ્ટમ નાખી આપવાની બાંહેધરી આપવામાં આવી છે.

ઉપરોક્ત રજૂઆતો સાંભળ્યા બાદ રેરા દ્બારા ઠરાવવામાં આવ્યું હતું તે, આ કામમાં ફરિયાદીની જનરલ રજૂઆત છે ક્યા ફ્લેટમાં શું મુશ્કેલી પડે છે તેની સ્પષ્ટ પુરાવો રજૂ કર્યો નથી. ટેરેસમાંથી વરસાદી પાણીના નિકાલની પુરતી વ્યવસ્થા નહી હોવાથી બેઝમેન્ટ સુધી પાણી ઉતરતુ હોવા બાબતે વિડીયો રજૂ કરવામાં આવ્યો છે. બિલ્ડરે ફાયબરને શેડ બનાવેલો છે પરંતુ તેમ છતા વિડીયોમાં જોતા પાણી લીકેજ થતું હોવાથી તેનું સમારકામ જરૂરી છે.


કોમન સંડાસ બાથરુમનું પાણી અંડરગ્રાઉન્ડ પાણીની ટાંકીમાં ઉતરતુ હોવાની સંભાવના રજૂ કરી છે તેનો પુરાવો રજૂ કર્યો નથી. આથી દાદ સ્વિકારી શકાય તેમ નથી.

### મારામારીની ઘટનામાં આગેવાનો – પોલીસ માટે નીચુ જોવાપણુ થતા ગંભીર નોંધ

# ખોડલધામ - સરદારધામની સંયુક્ત બેઠકનો તખ્તો: ગાઈડલાઈન ઘડાશે

### વ્યક્તિગત વિવાદમાં સંસ્થાઓને ઢસડવાના પ્રયાસથી માંડીને ટ્રસ્ટીઓ સુધીના દરેક માટે કોમન નીતિનિયમો તૈયાર કરાશે તુર્તમાં બેઠક





રાજકોટ,તા.૪

પાટીદાર સંસ્થા સરદારધામના ઉપપ્રમુખ જયંતિ સરધારા તથા પોલીસ ઈન્સ્પેક્ટર સંજય પાદરીયાના વિવાદને કારણે ખોડલધામ તથા તેના ચેરમેન નરેશ પટેલ સામે આંગળી ચિંધાયા બાદ તેનુ સૂરસૂરીયુ થતા સરધારાની પડખે ચડેલા સમાજના જ આગેવાનો ઉપરાંત પોલીસ માટે પણ નીચા જોણા પણુ થયુ છે.

ભવિષ્યમાં કોઈપણ સંસ્થા કે હોદેદારો ખોટા વિવાદમાં ન સપડાય તે માટે ખોડલધામ-સરદારધામ જેવી સંસ્થાઓએ એક પ્લેટફોર્મ પર નવી ગાઈડલાઈન બનાવવાની દિશામાં ચક્રો ગતિમાન કર્યા છે. બન્ને સંસ્થાઓની સંયુક્ત બેઠક તુર્તમાં યોજાશે અને તેમાં ઉપસ્થિત કોમન નીતિ નિયમો ઘડવામાં આવે તેવી સંભાવના છે.

પાટીદાર સંસ્થાના સૂત્રોએ જણાવ્યું હતું કે, જયંતિ સરધારા તથા સંજય પાદરીયા વચ્ચેની મારામારીની ઘટના બાદ સંસ્થાને વિવાદમાં ઢસડવાનો પ્રયાસ થતા માત્ર હોદેદારો જ નહીં પરંતુ સમાજમાં પણ તીવ્ર પ્રત્યાઘાતો પડયા હતા. સમગ્ર ઘટનાનુ બે દિવસ ચિત્ર સ્પષ્ટ થતા તથા વિવાદ ઉભો કરવાનો પ્રયાસ હોવાની છાપ ઉપસતા સમાજમાં જ ઘણી નારાજગી ઉભી થઈ છે.

ખોડલધામ તથા સરદારધામ બન્ને પાટીદારોની જ સંસ્થા છે અને રાજયભરના પ્રતિષ્ઠિત ઉદ્યોગપતિઓ, આગેવાનોથી માંડીને સામાન્ય લોકો તેમાં જોડાયેલા છે. બન્ને સંસ્થાઓનો ઉદેશ સમાજના વિકાસનો જ હોવાથી અનેક આગેવાનો તો બન્ને સંસ્થાઓ સાથે જોડાયેલા છે. કોઈ વિવાદના સંજોગોમાં આવા આગેવાનોની હાલત કફોડી બની જતી હોય છે.રાજકોટની ઘટના બાદ ભવિષ્યમાં તેનું પુનરાવર્તન રોકવા માટે આગેવાનોએ કોમન ગાઈડલાઈનનો વિચાર રજુ કર્યો હતો. ખોડલધામ તથા સરદારધામ એમ બન્ને સંસ્થાઓના વડાઓએ આ પહેલને વધાવીને તે દિશામાં આગળ વધવાનુ નકકી કર્યુ છે.

સૂત્રોએ જણાવ્યું છે કે, ખોડલધામ તથા સરદારધામ એમ બન્ને સંસ્થાના આગેવાનો-પ્રતિનિધિઓની સંયુકત બેઠક થશે. સંસ્થાઓ કોઈ વિવાદમાં ન ઢસડાઈ કે આવો પ્રયાસ પણ સફળ ન થાય સહિતના અનેકવિધ મુદાઓ પર ચર્ચા-વિચારણા કરીને વિસ્તૃત ગાઈડલાઈન તૈયાર કરવામાં આવે તેવી સંભાવના છે.

બન્ને સંસ્થાઓ રાજકોટ, અમદાવાદ, સુરત સહિત રાજયભરમાં સક્રીય છે અને મોટા પ્રોજેકટો હાથ પર લઈ રહી છે તેવા સમયે સંયુકત ગાઈડલાઈન સમાજ અને સંસ્થાઓના જ હિતમાં રહેશે. અત્રે ઉલ્લેખનીય છે કે, અઠવાડીયા પુર્વે મવડી-કણકોટ રોડ પરના પાર્ટીપ્લોટમાં જયંતિ સરધારા અને પોલીસ ઈન્સ્પેકટર સંજય પાદરીયા વચ્ચે વિવાદ સર્જાયો હતો. વાત મારામારી સુધી પહોંચી હતી. જયંતિ સરધારાને ઈજા થતા હોસ્પીટલમાં દાખલ થયા હતા જયાં તેઓએ ખોડલધામ પ્રમુખ નરેશ પટેલના ઈશારે હુમલો કરાયાનો આક્ષેપ કરતા સમગ્ર સમાજ સ્તબ્ધ થયો હતો.

સરદારધામના આગેવાનોએ, જો કે, ખોડલધામ સાથે કોઈ વિવાદ ન હોવાનું સ્પષ્ટ કર્યુ હતું. પરંતુ પાદરીયા સામે કડક પગલા લેવાની માંગ કરી હતી.

# ઈન્ટરનેશનલ એરપોર્ટમાં ડેઈલી ૩૨૦૦થી વધુ હવાઈ મુસાફરોનું આવાગમન

### લગ્નસરાની મૌસમ, સ્નેહમિલન સમારોહ, ઔદ્યોગિક વેપાર – વાણીજયની કોન્ફરન્સ, સ્ટુડન્ટ, વેપારી અને પર્યટકોએ હવાઈ સેવાનો લાભ લેતા એરપોર્ટ ધમધમી ઉઠયું નવેમ્બર માસમાં ૫૧૬૮૮ આગમન અને ૪૯૪૯૩ મુસાફરોએ પ્રસ્થાન ૩૦૦ ફલાઈટો ફુલ ઉડી




રાજકોટ,તા.૩

ગત દિવાળી-નૂતન વર્ષના તહેવારો બાદ લગ્ન પ્રસંગો, સ્નેહ મિલન સમારંભો, વેપાર ઉદ્યોગિક કોન્ફરન્સો, શ્રીમદ્? ભાગવત કથા સહિતનાં આયોજનોનાં કારણે રાજકોટ ઈન્ટરનેશનલ એરપોર્ટની હવાઈ સેવામાં પ્રવાસીઓનો ઘસારો જોવા મળી રહ્યો છે.

સૌરાષ્ટ્રના પાટનગર ગણાતા રાજકોટ નજીકનું હીરાસર ઈન્ટરનેશનલ રાજયોના પ્રવાસીઓ, એન.આર. આઈ.પ્રવાસીઓ માટે અનુકુળ રહ્યું છે.ગત નવેમ્બર માસમાં ૧ લાખને પાર પ્રવાસીઓ નોંધાયા હતાં.રાજકોટના હિરાસર ઈન્ટરનેશનલ એરપોર્ટમાં દિલ્હી, મુંબઈ, ગોવા, પૂના, બેંગ્લોર, હૈદરાબાદની સીધી હવાઈ સેવા ઉપલબ્ધ હોવાથી પર્યટકો હવાઈ સેવાનો લાભ લઈ રહ્યા છે. ગત નવેમ્બર માસમાં ૫૧૬૮૮ પ્રવાસીઓનું આગમન અને ૪૯૪૯૩નું પ્રસ્થાન નોંધાયુ હતું. કુલ ૧,૦૧,૧૮૧ પ્રવાસીઓ નોંધાયા હતા.એક માસમાં કુલ ૩૦૦ ફ્લાઈટો કુલ ઉડી હતી.સૌરાષ્ટ્રમાં લગીસરાની સીઝન, સ્નેહમિલન સમારોહ, વેપાર-ઉદ્યોગોને લગતી કોન્ફરન્સ, સ્ટુડન્ટની વેકેશન રજાની સમાપ્તી સાથે દેશ-વિદેશના પ્રવાસીઓ દ્વારકા, સોમનાથ, જૂનાગઢ, સાસણ ગીર સહિત પ્રવાસન સ્થળો માટેના આવાગમનથી ઈન્ટરનેશનલ એરપોર્ટની તમામ ફ્લાઈટો ફુલ ઉડી રહી છે.ગત એકટોબર, માસની સરખામણીએ નવેમ્બર માસમાં ૧૦ હજારથી વધુ મુસાફરો નોંધાયા હતા.રાજકોટના ઈન્ટરનેશનલ એરપોર્ટમાં ડેઈલી ૧૦ જેટલી ફ્લાઈટમાં ૩૨૦૦થી વધુ મુસાફરોનું આગમન પ્રસ્થાન થઈ રહ્યું છે.વહેલી સવારથી રાત્રીના ૯.૦૦ કલાક સુધી હીરાસર ઈન્ટરનેશનલ એરપોર્ટ મુસાફરોના આગમનથી ધમધમી રહ્યું છે. એરપોર્ટ માટે દર બે કલાકે દોડતી એસ.ટી.બસ દરએક કલાકે દોડાવવા મુસાફર વર્ગની માંગણી ઉઠી છે.

# મામલતદાર કચેરીઓના સેન્ટરો સહિત વધુ ૧૪ સ્થળો પર રેશનકાર્ડ ઈ-કેવાયસીની કામગીરી થશે



### નવા સેન્ટરો શરૂ કરવા વહીવટી તંત્ર દ્વારા તાબડતોબ તાકીદ

રાજકોટ, તા. ૩

રાજકોટ શહેર-જિલ્લામાં તાલુકા મામલતદાર કચેરીના એ.ટી.વી.ટી. સેન્ટરો સહિત વધુ ૧૪ સ્થળો પર રેશનકાર્ડ ઈ-કેવાયસીની કામગીરી શરૂ કરવામાં આવનાર છે. આ માટે વહીવટી તંત્ર દ્વારા જરૂરી સુચના આપી દેવામાં આવી છે.

અહીં એ ઉલ્લેખનીય છે કે, જુની કલેકટર કચેરીમાં ઝોનલ કેન્દ્રમાં રેશનકાર્ડ ઈ-કેવાયસીના મામલે ભારે અંધાધૂંધી સર્જાયા બાદ કલેકટરના આદેશના પગલે સુચારૂ રૂપથી વ્યવસ્થા ગોઠવવામાં ઝોનલ કચેરીમાં અરજદારોનો ટ્રાફિક આજે ઓછો જોવા મળ્યો હતો.

આ ઝોનલ કચેરીમાં ગઈકાલે અવ્યવસ્થા સર્જાતા અને અરજદારોનો હોબાળો થતા પ્રાંત અધિકારી ચાંદની પરમારને તાબડતોબ આ ઝોનલ કેન્દ્ર પર દોડી નવું પડયું હતું. દરમિયાન આજે ઝોનલ કેન્દ્રમાં અરજદારોનો ઓછો ટ્રાફિક રહ્યો હતો.

સરગમ ક્લબ અને સ્વ. પારૂલબેન દિનેશભાઈ ત્રીવેદી (મોંમ્બાસા - કેનયા)ના સ્મરણાથે સયુંકત ઉપક્રમે

# દિવ્યાંગો માટે ત્રિ-દિવસીય વિનામૂલ્યે જયપુર ફૂટ કેમ્પ યોજાશે સહયોગ કમાણી ફાઉન્ડેશન

## કેમ્પનો લાભ લેવા ઈચ્છતા દર્દીઓએ તા.૧/૧૨ના રોજ સીધા સ્થળ પર પહોચવું

### દર્દીઓએ પોતાનું ઓળખ પત્ર તેમજ ડોકટરના સર્ટીફીકેટની ઝેરોક્ષ સાથે લાવવાની રહેશે



રાજકોટ,તા.૪

સાસ્કૃતિક,સામાજિક અને તબીબીક્ષેત્રમાં અગ્રેસર રહેનાર સરગમ કલબ શહેરમાં જયપુર ફૂટકેમ્પના રૂપમાં વધુ એક સેવાકેન્દ્ર ચલાવી રહેલ છે. સરગમ કલબ અને સ્વ. પારૂલબેન દિનેશભાઇ ત્રીવેદી ના સ્મરણાથે વિનામૂલ્યે જયપુર ફૂટ કેમ્પ અને કમાણી ફાઉન્ડેશનનાં સયુંકત ઉપક્રમે તા ૦૧/૧૨/૨૦૨૪ રવિવાર થી ૦૩/૧૨/૨૦૨૪ ના રોજ આ જયપુર કેમ્પ યોજાશે. કેમ્પનો લાભ લેવા ઈચ્છતા દર્દીઓએ પોતાના ફોટોવાળુ સરકાર માન્ય ઓળખપત્ર આધાર કાર્ડ અને ડોકટરનું વિકલાંગ સર્ટીફીકેટની ઝેરોક્ષ સાથે લાવવાની રહેશે. સરગમ કલબના પ્રમુખ ગુણવંતભાઈ ડેલાવાળાના જણાવ્યા અનુસાર, આ કેમ્પમાં જરુરીયાત દર્દીઓને વિનામૂલ્યે કૃત્રિમ પગ બેસાડવામાં આવે છે. આ કેમ્પ તા.૧/૧૨/૨૦૨૪ થી ૦૩/૧૨/૨૦૨૪ સુધી ડિસેમ્બર માસ નાં રોજ યોજાશે. જેની ખાસ નોંધ લેવી. આ કેમ્પનો લાભ લેવા ઈચ્છતા લોકોને તા ૦૧/૧૨/૨૪ રવિવાર ના રોજ સવારે ૮/૦૦ કલાકે સરગમભવન, જામટાવરરોડ, નવી કલેકટર કચેરીની બાજુમાં, રાજકોટ. ફોન નં.૦૨૮૧-૨૪૫૭૧૬૮ ખાતે દર્દીઓએ રૂબરૂ હાજર રહેવા જણાવાયું છે. આ ઉપરાંત જે લોકો અગાઉ સાધનો લઈ ગયા છે. અને તેઓને રીપેરીંગ કરાવવાનું હોઈ તેઓએ પણ તા.૦૧/૧૨/૨૦૨૪ ના રોજ સવારે ૮/૦૦ ખાસ ઉપસ્થિત રહેવું.આ કેમ્પમાં અમોને મુખ્ય સહયોગ દિનેશભાઇ ત્રીવેદી પરીવાર ના સભ્યો મૌલિક, કૃપા, જય, અનીક્ષા, પ્રણય, ટવીંકલ, કિયાન, શનાયા જયપુર ફૂટ કેમ્પમાં સહયોગ મળેલ છે.

# ૫ ડીસેમ્બરે મેયર નયનાબેન પેઢડીયાના હસ્તે રાજ્યકક્ષા યુવા ઉત્સવ સ્પર્ધાનું ઉદઘાટન કરાશે

## કાર્યક્રમમાં મહાનુભાવોની વિશેષ ઉપસ્થિતિ કુલ ૪૦ સ્પર્ધાઓમાં ઝોનકક્ષાના વિજેતા કલાકારો ભાગ લેશે



રાજકોટ તા.૪

ગુજરાત સરકારના રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ અને રાજકોટ જિલ્લા વહીવટી તંત્રના સંયુક્ત ઉપક્રમે તા. ૫થી તા. ૭ ડીસેમ્બર સુધી હેમુગઢવી હોલ ખાતે રાજ્યકક્ષા યુવા ઉત્સવ સ્પર્ધા - ૨૦૨૪નું આયોજન કરાયું છે. જેનું ઉદઘાટન મેયરશ્રી નયનાબેન પેઢડીયાના હસ્તે કરાશે. આ કાર્યક્રમમાં મંત્રીશ્રીઓ કુંવરજીભાઈ બાવળીયા અને ભાનુબેન બાબરીયા, સાંસદશ્રીઓ પરસોત્તમભાઈ રૂપાલા, રામભાઈ મોકરીયા અને કેસરીદેવસિંહ ઝાલા, ધારાસભ્યશ્રીઓ ઉદયભાઈ કાનગડ, ડો. દર્શિતાબેન શાહ, રમેશભાઈ ટીલાળા, ગીતાબા જાડેજા, જયેશભાઈ રાદડીયા, ડો. મહેન્દ્રભાઈ પાડલીયા, દુર્લભજીભાઈ દેથરીયા અને જીતુભાઈ સોમાણી અને જિલ્લા પંચાયત પ્રમુખશ્રી પ્રવિણાબેન રંગાણી ઉપસ્થિત રહેશે.ઉલ્લેખનીય છે કે તા. ૫ના રોજ લોકનૃત્ય, સમૂહગીત, હળવું કંઠ્ય સંગીત, એકપાત્રીય અભિનય, એકાંકી, લગ્નગીત, લોકગીત, ભજન, શાસ્ત્રીય કંઠ્ય સંગીત (હિન્દુસ્તાની), શાસ્ત્રીય કંઠ્ય સંગીત (કર્ણાટકી), એગ્રો પ્રોડક્ટ, વિજ્ઞાન મેળો, ટેક્ષ ટાઈલ્સ, હેન્ડીક્રાફ્ટ અને સર્જનાત્મક સ્પર્ધાઓ યોજાશે. તા. ૬ના રોજ કથ્થક, ભરતનાટયમ, કુચિપુડી, ઓડીસી, મણીપુરી, લોકવાદ્ય સંગીત, તબલા, હાર્મોનિયમ (હળવું), સીતાર, ગીટાર, મૃદંગમ અને વીણા સ્પર્ધાઓ યોજાશે.

## એસ.ટી.નિગમનો મહત્વપૂર્ણ નિર્ણય.....

# વિદ્યાર્થીઓ હવે ઘરેબેઠા ઓનલાઈન પાસ કઢાવી શકશે

## ડેપો-બસ સ્ટેન્ડનાં ધકકા હવે બંધ એસ.ટી. વિભાગે સ્કૂલ કોલેજોમાં વિદ્યાર્થીઓ માટે ઓનલાઈન ડેપો શરૂ કર્યો



રાજકોટ,તા.૪

એસ.ટી.નિગમે ગુજરાતનાં લાખો વિદ્યાર્થીઓનાં હિતમાં એક મહત્વપૂર્ણ નિર્ણય લીધો છે.જે મુજબ હવે વિદ્યાર્થીઓને પાસ કઢાવવા માટે બસસ્ટેશને ધકકો ખાવો પડશે નહી અને ઘરે બેઠા જ ઓનલાઈન પાસની વ્યવસ્થા કરી શકશે.

આ અંગે એસ.ટી.વિભાગનાં સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વધુ વિગતો મુજબ ઈ-પાસ સિસ્ટમ પર થી વિદ્યાર્થી જાતે પોતાની રીતે કોમ્પ્યુટર/મોબાઈલ પરથી પોતાના અનુકુળ સમયે પાસ માટેનું ફોર્મ હવે ભરી શકશે. સદર પાસ સિસ્ટમ પર વિદ્યાર્થી સ્કૂલ દ્વારા આપવામાં આવતા એક જ સીટીએસ નંબર પરથી પાસના ફોર્મની વિગતો ખુબ જ સરળતાથી ભરી શકે છે.

વિદ્યાર્થીને પાસ ભરવા માટે બસ સ્ટેશન આવવાની જરૂરિયાત રહેતી નથી જેથી વિદ્યાર્થીના સમયનો બચાવ થશે.ઈ-પાસ સિસ્ટમમાં ટેબ પરથી વિદ્યાર્થી પોતાના પાસ માટે કરેલ એપ્લીકેશનનું સ્ટેટસ જાતે ચકાસી શકશે.વિદ્યાર્થી પોતે પાસ માટે ફી ઓનલાઈન કે ઓફલાઈન કોઈપણ રીતે ભરી શકશે.તથા ઓનલાઈન ફોર્મ ભર્યા બાદ વિદ્યાર્થી પોતાના નજીકના ડેપો/ કંટ્રોલ પોઈન્ટ ખાતે જઈ પોતાનો પાસ મેળવી શકશે.

સદર ઈ-પાસ સિસ્ટમ શિક્ષણ વિભાગના સર્વર સાથે સંકલિત હોય ડુપ્લીકેટ પાસ નીકળવાની શકયતા રહેતી નથી.વધુમાં એસ.ટી.વિભાગના જણાવ્યા મુજબ હાલમાં રાજકોટ વિભાગના કાર્યક્ષેત્રમાં આવતા વિવિધ ૧૦ ડેપો ખાતેથી ઓનલાઇન પાસ કાઢવા બાબતે ઓનલાઈન ડેમો સાથે શાળા કોલેજમાં જઈને સદર કામગીરી કરતા પાંચ ક્લાર્ક અને ડેપો મેનેજર તેમજ વિભાગે કચેરીના અધિકારી દ્વારા સદર કામગીરી હાથ ધરવામાં આવે છે જેથી કરીને વિદ્યાર્થીઓમાં વધુમાં વધુ જાગૃતતા આવે અને પાસ માટે કોઈપણ જાતની મુશ્કેલી ના અનુભવી છે.

# રાજ્ય સરકાર દ્વારા ખેલ મહાકુંભ ૩નું આયોજન કરાયું

## ગ્રામ્ય કક્ષાથી રાજ્ય કક્ષાની વિવિધ સ્પર્ધાઓમાં ભાગ લેવા તા.૫ થી તા.૨૫ ડિસેમ્બર સુધી રજીસ્ટ્રેશન કરી શકાશે

રાજકોટ તા.૪

સ્પોટ્ર્સ ઓથોરીટી ઓફ ગુજરાત દ્વારા દર વર્ષેની જેમ આ વર્ષે પણ ખેલમહાકુંભ ૩.૦ નું આયોજન કરાયું છે. જેમાં શાળા/ગ્રામ્ય,તાલુકા/ઝોન કક્ષા, જીલ્લા/મહાનગરપાલિકા કક્ષા, ઝોન કક્ષા(ટીમ રમત) અને છેલ્લે રાજ્યકક્ષાની સ્પર્ધા યોજાશે.ખેલ મહાકુંભ ૩.૦ અંતર્ગત શાળાકક્ષાએ અં-૯, અં -૧૧, અં-૧૪ અને અં-૧૭ ની વયજૂથમાં ખેલ મહાકુંભની એથ્લેટીક્સ રમતમાં તમામ શાળાઓએ ભાગ લેવાનો રહેશે. ખેલ મહાકુંભ ૩.૦ નું ઓનલાઈન રજીસ્ટેશન તા. ૦૫-૧૨-૨૦૨૪ થી તા. ૨૫-૧૨-૨૦૨૪ સાંજે ૬.૦૦ સુધીની રહેશે. જેમા શાળાના બાળકોથી લઈને ૬૦ વર્ષથી ઉપરની વય જૂથના વડીલો પણ રજિસ્ટ્રેશન કરી શકશે.ખેલ મહાકુંભમા ભાગ લેવા માટે વેબ સાઈટ https://khelmahakumbh.gujarat.gov.in પર ફરજીયાત ઓનલાઈન રજિસ્ટ્રેશન કરવાનું રહેશે. પ્રત્યેક ખેલાડી મહતમ બે રમતમાં જ ભાગ લઈ શકશે. અં-૯, અં -૧૧, અં-૧૪ અને અં-૧૭ ગ્રુપમાં શાળામાં અભ્યાસ કરતા ખેલાડીઓ જે તે શાળામાંથી રજિસ્ટ્રેશન કરવાનું રહેશે.

કોલેજમાં અભ્યાસ કરતા ખેલાડીઓએ ઓનલાઈન અથવા કોલેજ મારફતે રજિસ્ટ્રેશન કરી શકશે. અભ્યાસ ન કરતા હોય તેવા ખેલાડીઓ જીલ્લાની જીલ્લા રમત પ્રશિક્ષણ કેન્દ્ર પરથી પોતાના વયજૂથમાં રજિસ્ટ્રેશન કરવા જિલ્લા રમત વિકાસ અધિકારી જિલ્લા રમત પ્રશિક્ષણ કેન્દ્ર રાજકોટ દ્વારા અખબારી યાદીમાં જણાવાયું છે.

સામના મિરર (દૈનિક) તંત્રી, મુદ્રક, પ્રકાશક અને માલિક : રાજેશ ઉદયકુમાર બગડાઈ
મુદ્રણ અને પ્રકાશન સ્થાન : સામના મિરર પ્રિન્ટર્સ, જય ભવાની, ચુનારાવાડ શેરી નં.૫, શાક માર્કેટ પાસે, રાજકોટ ૩૬૦૦૦૭

# એમ.ડી. ડ્રગ્સના જથ્થા સાથે એક શખસને પકડી પાડતી રાજકોટ શહેર SOG શાખા



રાજકોટ, તા. ૩ઃ રાજકોટ શહેરના પોલીસ કમિશ્નરશ્રી બ્રજેશકુમાર ઝા તથા અધિક પોલીસ કમિશ્નરશ્રી મહેન્દ્ર બગડીયા તથા નાયબ પોલીસ કમિશ્નરશ્રી ક્રાઇમ ડોપાર્થરાજસિંહ ગોહીલ તથા મદદનીશ પોલીસ કમિશ્નર ક્રાઇમશ્રી ભરત બી. બસીયા તરફથી રાજકોટ શહેર વિસ્તારમાં યુવાધન નશાના રવાડેના ચડે તથા નાર્કોટીકસ પદાર્થોનું વેચાણ અટકાવવા નાર્કોટીકસ પદાર્થોનું ખરીદ-વેચાણ કે સેવન કરનારા ઇસમો વિરુદ્ધ કડક કાર્યવાહી કરવા સુચના આપેલ હોય જે સબંધે એસ.ઓ.જી. પો.ઇન્સ. એસ.એમ.જાડેજા ની રાહબરી હેઠળ તા.૦૩/૧૨/૨૦૨૪ ના રોજ એસ.ઓ.જી. શાખાના એ.એસ.આઇ. ફીરોજઝભાઇ ઇકબાલભાઇ શેખ તથા પો.હેડ કોન્સ જીજ્ઞેશભાઇ અમરેલીયાનાઓની સંયુકત બાતમી આધારે રાજકોટ શહેર માધાપર ચોકડીથી અયોધ્યા ચોક તરફ જવાના રસ્તે શ્રીજી પોઇન્ટ દુકાનની બાજુમાં જાહેર રોડ ઉપથી એમ.ડી. (મેફેડ્રોન) જથ્થા સાથે નીચે જણાવેલ ઇસમને પકડી પાડી ધોરણસર કાર્યવાહી કરી ગાંધીગ્રામ પો.સ્ટેમાં ગુન્હો નોંધવામા આવેલ છે.

# વીરપુર ગામની આહાબા સીમ વિસ્તારમાં છેલ્લાં ત્રણ મહિના થયા ત્રણ દીપડાના આંટાફેરા

■ **આરએફઓ પરેશ મોરડીયાના માર્ગદર્શન હેઠળ દીપડાને પુરવા પાંજરૂ મુકાયું**



વિરપુર, તા. ૩ઃ વીરપુર જલારામ ગામની આહાબાની સીમમાં છેલ્લા ત્રણેક મહિના થયા બે થી ત્રણ દીપડાએ દેખા દેતા ખેડૂતોમાં ભયનો માહોલ ફેલાયો છે,

હાલ ખેડૂતોને રવીપાક માટે વાવેતરની સીઝન ચાલુ છે ,ખેડૂતો રવીપાકમાં ઘઉં,ચણા,ધાણા સહિતના અનેક પાકોના વાવેતર કરી રહ્યા છે અને વાવતેર કરેલા પાકોમાં ખેડૂતોને પિયત,જંતુનાશક દવાઓના છટકાવની કામગીરી કરવાની હોય છે જેમાં કામગીરી કરતા કરતા સુર્યાસ્ત એટલે કે સાંજ પણ પડી જતી હોય છે ત્યારે છેલ્લા ત્રણ મહિના થી આહાબા સિમ વિસ્તારમાં બે થી ત્રણ દીપડાના આટાફેરા વધતા ખેડૂતોમાં ભયની દહેશત ફેલાઈ છે.વીરપુર ગામની આહાબા સીમ વિસ્તારમાં વાડી ખેતર ધરાવતા ખેડૂતોએ જણાવ્યું હતું કે આહાબા સિમ વિસ્તારમાં દિપડાએ ખેડૂતોના વાડી વિસ્તાર માથી ઘણા શ્વાનોનો શિકાર કર્યા છે જેમને લઈને ઘણા ખરા ખેડૂતોના પશુઓ પણ ખેડૂતો પોતાની વાડીએ રાખતા હોય છે ત્યારે હિંસક દિપડાઓ ખેડૂતોને અને પશુઓને પણ જાનહાનિ પહોંચાડે તે પહેલાં આ હિંસક દીપડાઓને પકડવા ખેડૂતોમાં માંગ ઉઠી છે (છેલ્લા ઘણા સમયથી વીરપુરની સિમ વિસ્તારમાં દિપડાની દહેશતથી ખેડૂતોએ તેમજ વીરપુર ગ્રામપંચાયત દ્વારા પણ જેતપુર ફોરેસ્ટના આરએફઓ પરેશભાઈ મોરડીયાને જાણ કરી હતી, આરએફઓ મોરડીયાએ પોતાની ફોરેસ્ટ ટિમના રામભાઈ મકવાણા તેમજ નટુભાઈ સહિતના વન વિભાગના કર્મચારીઓ તરતજ વીરપુરની આહાબા સીમમાં આવી ખેતરોમા દીપડાના પગલાંઓની છાપની તપાસ શરૂ કરી હતી અને આરએફઓ પરેશભાઈ મોરડીયાના માર્ગદર્શન હેઠળ આ દીપડાઓને પકડવા પાંજરૂ મૂકી દીપડાને પાંજરે પુરવાની કવાયત હાથ ધરવામાં આવી હતી.

# ૧૪ નાયબ મામલતદારોની બદલી કરતા કલેકટર

રાજકોટ,તા.૪

ચોમાસાની ઋતુ દરમિયાન વાવાઝોડા અતિભારે વરસાદની પરિસ્થિતિમાં રાહત અને તકેદારીના પગલા માટે રાજકોટ જિલ્લા તાલુકા કક્ષાએ શરૂ કરાયેલા ઈમરજન્સી ઓપરેશન સેન્ટરના હંગામી મહેકમની મુદ્દત પુરી થતા જ રાજકોટ જિલ્લા કલેકટર પ્રભવજોશી દ્વારા ૧૪ નાયબ મામલતદારોની બદલીના ઓર્ડર ઈશ્યુ કરી દેવામાં આવેલ છે.જેમાં રાજકોટ પૂર્વ મામલત્તદાર કચેરીમાં ફરજ બજાવતા ભાવિકકુમાર વૈષ્ણવની કલેકટર કચેરીનીએ.એલ.સી.શાખામાં બદલી કરવામાં આવી છે.રાજકોટ પશ્ચિમ મામલતદાર કચેરીના નાયબ મામલતદાર ધવલ ભીમજી પાણીને પડધરી મામલતદાર કચેરીમાં સર્કલ ઓફીસર તરીકે નિમણુંક કરવામાં આવી છે. જયારે રાજકોટ દક્ષિણ મામલતદાર કચેરીના ભરત પરમારની બદલી કરી તેઓને જિલ્લા પુરવઠા કચેરીમાં પુરવઠા નિરીક્ષક તરીકે જવાબદારી સોપવામાં આવી છે. કોટડાસાંગાણી મામલતદાર કચેરીના માધવ ડી.મહેમાને રાજકોટ કલેકટર કચેરીની હકક પત્રક શાખામાં સર્કલ ઓફીસર તરીકે મુકવામાં આવેલ છે. ધોરાજી મામલતદાર કચેરીના તુષારભાઈને જામકંડોરણા મામલત્તદાર કચેરીમાં જામકંડોરણા મામલતદાર કચેરીના રવિરાજસિંહઝાલાની જિલ્લા પુરવઠા કચેરીમાં ઝોનલ અધિકારી-૩ તરીકે બદલી કરવામાં આવી છે.આ ઉપરાંત ગોંડલ ગ્રામ્ય મામલતદાર કચેરીમાં ફરજ બજાવતા ગુંજા કનેરીયાની જિલ્લા પુરવઠા કચેરીમાં પુરવઠા નિરીક્ષક-૧ તરીકે જામકંડોરણા મામલતદાર કચેરીના નાયબ મામલત્તદાર જયદીપસિંહ બારડની બદલી કરી તેઓને ગોંડલ ગ્રામ્ય મામલતદાર કચેરીમાં નાયબ મામલતદાર (દબાણ-૨)તરીકે જવાબદારી સોપવામાં આવી છે.જિલ્લા કલેકટર પ્રભવ જોષી દ્વારા જિલ્લાના કુલ ૧૪ નાયબ મામલતદારોની બદલીના ઓર્ડર ઈશ્યુ કરી દેવામાં આવેલ છે.



# વેરાવળ સોમનાથની સીકલ સુધારવા 'તંત્ર તમારા દ્વારે'ના નવા અભિગમ સાથે જીલ્લા કલેકટરએ રાત્રી વોર્ડ સભા યોજી

## વોર્ડ સભામાં નાગરીકો પાસેથી સમસીયાઓ જાણી સ્થળ પર જ સમાધાન લાવવા જરૂરી આદેશો આપ્યા





તસવીરઃ રવિ ખખ્ખર, ગીર સોમનાથ

- રાત્રી સભામાં નગરજનોએ પાલીકા તંત્રની કામગીરીમાં ચાલતી પોલંપોલ લાલીયાવાડીની થોકબંધ રજુઆતો કરી
- નગરજનોએ જીલ્લા કલેકટરના નવા અભિગમને આવકાર્યો

વેરાવળ, તા. ૩ઃ ગંદું ગોબરૂ બની ગયેલ જીલ્લા મથક વેરાવળ સોમનાથની સીકલ સુધારવા માટે જીલ્લા કલેકટર દિગ્વિજયસિંહ જાડેજાએ ‘‘તંત્ર તમારા દ્વારે‘‘ના સુત્ર સાથે ગ્રામ્ય વિસ્તારોમાં યોજાતી રાત્રી ગ્રામસભાની જેમ પાલીકા વિસ્તારમાં રાત્રી વોર્ડ સભા યોજી નાગરીકોને પડતી સમસીયાઓ જાણી તેનું સમાધાન લાવવાનો પ્રેરક પ્રયાસ હાથ ધર્યો છે. આ અભિગમમાં યોજાયેલ પ્રથમ રાત્રી વોર્ડ સભામાં નાગરીકોએ પ્રશ્નોની વણઝાર વરસાવી પાલીકા તંત્ર નિયમિત કામગીરી ન કરતી હોવાની રજુઆતો કરી હતી. જેને લઈ સ્થળ ઉપર જ કલેકટરએ સંબંધિતોને જરૂરી આદેશો કર્યા હતા.

વેરાવળ સોમનાથને ચોખ્ખું ચણાક બનાવવા જીલ્લા કલેકટરએ કમાન હાથમાં લઈને નવા અભિગમ સાથે ત્રણ મહિના સુધી મહાઅભિયાન અંતર્ગત સફાઈ કામગીરી કરવાનું સુદઢ આયોજન કર્યુ છે. જેમાં એકશન પ્લાન ઘડી શહેરના તમામ વોર્ડમાં તબક્કાવાર એક સાથે મેન પાવર અને મશીનરી લગાવી સફાઈ અભિયાન કરાશે. આ સાથે દરેક વોર્ડમાં પાલિકાના શાસકો અને નગરસેવકો સહિત સંબંધિત વિભાગોને સાથે રાખી રાત્રી વોર્ડસભા યોજી લોકો પાસે રૂબરૂ જઈ સમસ્યાઓના સમાધાન માટેનો નવો અભિગમ જીલ્લા કલેકટર દિગ્વિજયસિંહ જાડેજાએ અપનાવ્યો છે.

આ અભિયાનનો પ્રારંભે ગઈકાલે વોર્ડ નં.૭ ના તમામ વિસ્તારમાં સામુહિક સફાઈ કામગીરી કરાવ્યા બાદ જીલ્લા કલેકટર દિગ્વિજયસિંહ જાડેજાના અધ્યક્ષ સ્થાને સ્પોર્ટ કોમ્પલેક્ષ ખાતે રાત્રી વોર્ડ સભા યોજાઈ હતી. જેમાં પ્રાંત અધિકારી વિનોદ જોશી, પાલિકા પ્રમુખ પલ્લવીબેન જાની, ઉપપ્રમુખ જયેશ માલમડી, કારોબારી ચેરમેન ચંદ્રિકાબેન સિકોતરિયા સહિત નગરસેવકો અને પાલિકા તંત્રના અધિકારીઓ હાજર રહ્યા હતા.

શહેરના ઈતિહાસમાં પ્રથમ વખત યોજાયેલ રાત્રી વોર્ડ સભામાં કલેકટર સમક્ષ પ્રજાજનોએ પાલિકા તંત્રની લાલીયાવાડીની પોલ ખોલતા સફાઈ, પાણી, રસ્તા, લાઈટ જેવી પ્રાથમિક સુવિધા તેમજ જાહેર કચરાના પોઈન્ટો, ખુલ્લા પ્લોટમાં થતી ગંદકી, ડોર ટુ ડોર કચરા કલેક્શનમાં ચાલતી લોલંલોલ, ગટર, રસ્તા જેવી કામગીરીમાં દાખવવામાં આવતી દુર્લક્ષતા મુદ્દે રજુઆતોનો મારો ચલાવ્યો હતો.આ તમામ સમસીયાઓને શાંતિપૂર્વક સાંભળી સ્થળ પરથી જ કલેકટરએ પાલિકાના અધિકારી પદાધિકારીઓને પ્રશ્નોના ત્વરિત ઉકેલ માટે તાકીદ કરી હતી.

### લોકોની સમસીયાઓ ઉકેલવા તંત્ર કટીબધ્ધ : કલેકટર

આ તકે જુલ્લા કલેકટર દિગ્વિજયસિંહ જાડેજાએ જણાવેલ કે, જોડિયા શહેરમાં મુખ્યત્વે ગંદકી અને રખડતા પશુઓની સમસ્યા સામે આવી છે. જાહેર કચરાના પોઈન્ટ તાત્કાલિક અસરથી બંધ કરવા, ડોર ટુ ડોર કચરા કલેક્શનની કામગીરી પારદર્શક અને નિયમ અનુસાર કરાવવા સહિતના મુદ્દે આદેશ કર્યા છે. ઉપરાંત શહેરમાં રખડતા પશુઓની સમસ્યાના કાયમી ઉકેલ માટે તંત્ર કટિબદ્ધ છે. જેથી હવે એક વાર પકડાયેલા પશુને પરત છોડવામાં નહીં આવે અને પાંજરાપોળ મોકલી દેવાશે. જાહેરમાં ઘાસ ચારાના વેચાણને બંધ કરાશે. નાગરિકોએ પણ આવા જાહેરમાં ઘાસચારા વેંચતા લોકો પાસે ઘાસ ચારો ન નાખવો જોઈએ તેવી અપીલ કરી હતી. ગીર સોમનાથ જીલ્લો અસ્તિત્વમાં આવ્યો ત્યારબાદ મ શહેરના ઈતિહાસમાં પ્રથમવાર જીલ્લા કલેકટર ખુદ નાગરિકોની સમસ્યાના સમાધાન માટે રૂબરૂ નાગરિકો વચ્ચે આવતા પ્રજાજનો પણ પ્રભાવિત બન્યા હતા. સામાજીક કાર્યકર અનિષ રાચ્છ સહિત આ વિસ્તારની ગૃહિણીઓ માયાબેન પટની, સંધ્યાબેન સહિતનાએ જણાવ્યું હતું કે, પાલિકા તંત્રની ફરજમાં આવતી કામગીરી નિયમ અનુસાર ન થતી હોવાથી કલેકટર સાહેબએ ખુદ આવવું પડ્યુ છે. તેમની કાર્યશૈલી પરથી સમસીયાઓનો ઉકેલ આવવાની વધુ અપેક્ષા પ્રબળ બની છે.

# વિરપુર જલારામ ખાતે રેશનકાર્ડ ધારકો માટે ઈ.કે.વાય.સી કેમ્પ યોજાયો

જેતપુર, તા. ૨ઃ સરકાર દ્વારા રેશનકાર્ડ સાથે આધાર નંબર સાથે લીક કરી E-KYCની કામગીરી ચાલુ હોય જે કામગીરી વિશાળ સ્વરૂપે બહોળી સંખ્યામાં હોય અને સમય મર્યાદામાં પુર્ણ કરવાની હોય જેમને લઈને યાત્રાધામ વીરપુરના લોકોને જેતપુર સુધી જવું ન પડે તેમજ લોકોને ઊ-ઊંઢ્ઢઈ માટે ખર્ચના કરવો પડે એ અન્વયે જેતપુર ગ્રામ્ય મામલતદાર એમ.એસ.ભેસાણીયા તેમજ વીરપુર ગ્રામ પંચાયતના યુવા સરપંચ રમેશભાઈ સરવૈયાની રાહબરી હેઠળ યાત્રાધામ વીરપુરની શ્રી જલારામજી વિદ્યાલય ખાતે શનિવારના રોજ E-KYCની કામગીરી કેમ્પનું આયોજન કરવામાં આવ્યુ હતું,આ ઊ-ઊંઢ્ઢઈ કેમ્પમાં જેતપુર મામલતદાર ઓફીસની આઠ થી દસ લોકોની ઓપરેટરની ટિમ બનાવવામાં આવી હતી જેમાં પુરવઠા નાયબ મામલતદાર એસ.કે.ઉઘાડ, અમિતભાઈ, કિશનભાઈ દવે કોમ્પ્યુટર ઓપરેટર, દર્શનાબેન ગોસ્વામી કોમ્પ્યુટર ઓપરેટર,સુજીતભાઈ ગુજરાતી કોમ્પ્યુટર ઓપરેટ, પ્રતિકભાઈ પરમાર કોમ્પ્યુટર ઓપરેટર, ઈરફાન કુરેશી કોમ્પ્યુટર ઓપરેટર, પલબેન સાવલીયા કોમ્પ્યુટર ઓપરેટર જાડેજા પુર્ણાબા વીસીઈ, ચાવડા ભુપતભાઈ વીસીઈ,ભેડા મનિષભાઈ વીસીઈ, મહાવીરસિંહ ધાધલ સેવક સહિતના ઓપરેટરોએ આ કેમ્પમાં પોતાની સેવા બજાવી હતી



અહેવાલઃ કાર્તિક બાવીશી

# વલસાડના સિરિયલ કિલરની છઠ્ઠા ખૂનીની કબૂલાત

■ **વલસાડમાં રેપ વિથ મર્ડર કેસ પહેલાં ૮ જૂને વડોદરામાં લૂંટના ઈરાદે મુસાફરનું ગળું દબાવી પતાવી દીધો, રિમાન્ડમાં હજુ વધી શકે છે હત્યાના આંકડા**

વલસાડ, તા. ૩ઃ વલસાડના પારડી તાલુકાના મોતીવાળા વિસ્તારમાં રહેતી બી.કોમ.ના બીજા વર્ષમાં અભ્યાસ કરતી વિદ્યાર્થિનીનું ૧૪ નવેમ્બરના રોજ અપહરણ કરી નજીકમાં આવેલી આંબાવાડીમાં લઈ જઈ દુષ્કર્મ આચરી તેની હત્યા કરી નાખવાના ગુનામાં ઝડપાયેલો આરોપી સિરિયલ કિલર નીકળ્યો હતો. જેણે ૨૫ દિવસમાં ૪ રાજ્યમાં ૫ હત્યા કરી હોવાની કબૂલાત કર્યા બાદ રિમાન્ડમાં વધુ એક ગુનાની કબૂલાત કરી છે. આ આરોપીએ ૮મી જૂનના રોજ વડોદરા પ્રતાપનગર રેલવે સ્ટેશન પછીના ત્રણ સ્ટેશન બાદમાં સાથે મુસાફર રહેલા અલ્પ દૃષ્ટિવાળા ઈસમને અવાવરું જગ્યાએ લઈ જઈ તેની હત્યા કરી હતી. આરોપી હજુ ૫ ડિસેમ્બર સુધીના રિમાન્ડ પર છે જેને પગલે હત્યાના આંકડા હજુ વધી શકે છે. ત્યારે આવો સમગ્ર ઘટનાને વિસ્તારથી જાણીએ...

વલસાડ રેપ વિથ મર્ડર કેસના આરોપી સિરિયલ કિલર નીકળ્યો હતો. જેના રિમાન્ડ હાલ ચાલુ છે. પારડી પોલીસે આરોપી રાહુલ ઉર્ફે ભોલુ કરમવીર ઈશ્વર જાટને રિમાન્ડ દરમિયાન યુક્તિપૂર્વક પૂછપરછ હાથ ધરી હતી. ટેક્નિકલ ડેટાના આધારે સઘન પૂછપરછ કરતાં તેણે ગત તા.૮મી જૂન ૨૦૨૪ના રોજ પ્રતાપનગર રેલવે સ્ટેશનથી પેસેન્જર ટ્રેનમાં મુસાફરી દરમિયાન દિવ્યાંગ ડબ્બામાં પોતાની સાથે મુસાફરી કરનાર એક અલ્પ દૃષ્ટિવાળા યુવાનને લૂંટી લેવાના ઈરાદે પ્રતાપનગર રેલવે સ્ટેશન પછી ત્રણેક રેલવે સ્ટેશન બાદ વાતચીત દરમિયાન વિશ્વાસમાં લઈ ટ્રેનમાંથી ઉતારી લીધો હતો.

રેલવે સ્ટેશનથી વડોદરા જતાં મેઈન રોડ તરફ લઈ જઈ થોડે દૂર આવેલા ખુલ્લા પ્લોટમાં આરોપી રાહુલ જાટ યુવાનને લઈ ગયો હતો. જ્યાં તેની સાથે ઝપાઝપી કરી તેનું સાંકળથી ગળું દબાવી હત્યા કરી નાખી હતી. સિરિયલ કિલર રાહુલ જાટે અજાણ્યા ઈસમની હત્યા કરી તેની પાસેથી રોકડા રૂપિયા તેમજ મોબાઈલ લૂંટી લીધા હતા. આરોપી રાહુલે જાટે વર્ણવેલા વર્ણન મુજબ વડોદરા પ્રાથમિક પૂછપરછ કરાઈ હતી. જે આધારે ખાતરી કરતાં આ કામે ડભોઈ પોલીસ મથક વિસ્તારમાં અકસ્માત મોતથી બનાવની નોંધ કરવામાં આવી હતી. આરોપી રાહુલે કરેલી હત્યાની કબૂલાત કર્યા બાદ ડભોઈ પોલીસ મથકે હત્યાનો ગુનો નોંધવામાં આવ્યો હતો.

ડભોઈ પોલીસ મથક વિસ્તારમાં રાહુલે કરેલી હત્યાની ઘટનામાં મૃત્યુ પામનર યુવક ફયાઝ અહમદ મહેબૂબ અહમદ શેખ રહે. અક્કલકૂવા, નંદુરબાર, મહારાષ્ટ્રનો હોવાનું જાણવા મળ્યું હતું. મૃતકના પિતાએ ડભોઈ પોલીસ સ્ટેશન ખાતે હત્યારા રાહુલ જાટ વિરુદ્ધ ફરિયાદ નોંધાવી હતી. વલસાડ પોલીસે સિરિયલ કિલરની યુક્તિપૂર્વક રિમાન્ડ દરમિયાન પૂછપરછ કરતા વધુ હત્યાઓનો ભેદ ખૂલવાની સંભાવના છે.

વલસાડ પોલીસે વડોદરા રેલવે સ્ટેશન ડભોઈ પોલીસ મથક વિસ્તારમાં આવેલા ઘટના સ્થળ અને આજુબાજુના વિસ્તારના ઈઈઝટ ફૂટેજ મેળવી વધુ પૂછપરછ હાથ ધરી છે. સાથે અલગ અલગ રાજ્યોમાંથી રેલવે પોલીસની અલગ અલગ ટીમો પારડી પોલીસ મથકે ધામા નાખી તેમના વિસ્તારમાં રાહુલ જાટે આપેલી ઘટનાનો ચિતાર મેળવવામાં આવી રહ્યો છે. આરોપી રાહુલના રિમાન્ડ દરમિયાન આરોપીને સાથે રાખીને વાપી રેલવે સ્ટેશન અને ઉદવાડા રેલવે સ્ટેશનના પાર્કિંગમાં લાગેલા ઈઈઝટ ફૂટેજ સાથે ફેસ એનલિસિસ કરવામાં આવ્યો હતો. આરોપી વિરુદ્ધ વધુ મજબૂત પુરાવાઓ એકત્રિત કરવામાં આવી રહ્યા છે.

પારડી હત્યાકેસમાં વલસાડ DySP એ કે વર્મા અને બી એન દવેના નેતૃત્વમાં જ્ઇંઝની ટીમ દ્વારા રાહુલ જાટની ઝીણવટભરી પૂછપરછ હાથ ધરવામાં આવી રહી છે. રાહુલ જાટ પોલીસની ટીમને તપાસમાં જરૂરી સહયોગ આપતો નથી. એક વખત વર્ણવેલા ઘટનાક્રમ ઉપર ફરી પૂછપરછ કરતા આરોપી ઘટનાક્રમ અલગ જ જણાવે છે.

વલસાડના જીડ ડો. કરનરાજ વાઘેલાએ જણાવ્યું કે, સિરિયલ કિલર રાહુલ જાટની સઘન પૂછપરછ કરવામાં આવતા અલગ અલગ રાજ્યોની અલગ અલગ જેલમાં આરોપીએ જેલવાસ ભોગવ્યો હોવાનું સામે આવ્યું છે. અલગ અલગ રાજ્યોમાં ટ્રેન મારફતે અને રોઝવેઝની ટ્રક મારફતે ફરતો રહેતો હતો. પોલિયોને લઈને પગમાં સામાન્ય અસર હોવાથી દિવ્યાંગ બન્યો હતો. જેને લઈને દેશભરમાં ટ્રેનના દિવ્યાંગ ડબ્બામાં મફત યાત્રા કરતો રહેતો હતો. તેની પાસેથી મળેલા મોબાઈલ ફોન અને અન્ય વસ્તુઓને પગલે જ્ઇંઝની ટીમ દ્વારા યુક્તિ પૂર્વક પૂછપરછ કરતા વડોદરામાં વધુ એક હત્યા કરી હોવાનું સામે આવ્યું હતું. લૂંટના ઈરાદે હત્યા કરી આરોપી ફરાર થઈ ગયો હતો. જેની કબૂલાત કરતા SITની ટીમે ક્રોસ ચેક કરતા એક અજાણ્યા ઈસમની લાશ મળી હોવાનું જાણવા મળ્યું હતું. તે હત્યાનો ભેદ ઉકેલવામાં વલસાડ પોલીસને સફળતા મળી છે.

# વેરા વિભાગનો સપાટો વધુ ૪ મિલકત સીલ, ૯ આસામીઓને જપ્તીની નોટિસ

## ■ સીલિંગથી બચવા ૨૨ આસામીઓએ સ્થળ ઉપર ૪૬.૪૬ લાખનો વેરો ભરપાઇ કર્યો

રાજકોટ, તા. ૩ઃ મનપાના વેરા વિભાગ દ્વારા બાકીદારો વિરુદ્ધ કડક ઝુંબેશ શરૂ કરવામાં આવી છે. મિલ્કત વેરા રીકવરી ઝુંબેશ અંતર્ગત આજરોજ ત્રણેય ઝોનમાં સાત વોર્ડમાં ૧ લાખથી વધુ વેરો બાકી હોય તેવા આસામીઓ વિરુદ્ધ સીલીંગ અને જપ્તીની કાર્યવાહી હાથ ધરી વધુ ચાર મિલ્કત સીલ કરી ૯ મિલ્કત ધારકોને જપ્તીની નોટીસ ફટકારી હતી. રીકવરી ઝુંબેશ દરમિયાન સિલિંગથી બચવા ૨૨ આસામીઓએ સ્થળ ઉપર રૂ.૪૬.૪૬ લાખનો મિલ્કત વેરો ભરપાઇ કરયો હતો.



મનપાના વેરા વિભાગ દ્વારા રૈયા રોડ પર આવેલ ૧-યુંનીટ ની નોટિસ સામે રીકવરી રૂ.૪.૨૭ લાખ. સદગુરૂનગરમાં આવેલ ૧-યુનિટની નોટિસ સામે રીકવરી રૂ.૩૦,૦૦૦/- ટાગોર રોડ પર આવેલ ફર્સ્ટ ફ્લોર શોપ નં-૧ માં નોટિસ આપેલ. મહાદેવ વાડી મેઇન રોડ પર આવેલ ૧-યુનિટ ની નોટિસ સામે રીકવરી રૂ.૫૯,૦૨૦/- ગુરૂપ્રસાદ ચોક માં આવેલ ૧-યુનિટ ની નોટિસ સામે રીકવરી રૂ.૮૮,૧૭૦/- મવડી રોડ પર આવેલ ૧-યુનિટની નોટિસ સામે રીકવરી રૂ.૬૨,૦૬૪/- મવડી રોડ પર આવેલ ૧-યુનિટ ની નોટિસ સામે રીકવરી રૂ.૫૬,૧૨૦/- ઓમ ઉદ્યોગનગર વિસ્તાર ૨-યુનિટ ને નોટિસ આપેલ. કે.પી.ઓદ્યોગિક વિસ્તારમાં ૧-યુનિટ ને નોટિસ આપેલ. કોઠારિયા રોડ પર આવેલ ૧-યુનિટની નોટીસ સામે સીલની કાર્યવાહી કરતા રીકવરી રૂ.૫૩,૦૨૦/- ૪૦ ફૂટ મેઇન રોડ પર આવેલ ૧-યુનિટને નોટીસ સામે સીલની કાર્યવાહી કરતા રીકવરી રૂ.૫૮,૮૦૦/- ન્યુ નેહરૂ નગર માં આવેલ મહાવીર એન્ટરપ્રાઇઝ સામે સીલ ની કાર્યવાહી કરતા રીકવરી રૂ.૪.૧૭ લાખ.. બોલબાલા રોડા પર આવેલ ૧-યુનિટને નોટીસ સામે સીલની કાર્યવાહી કરતા રીકવરી રૂ.૨.૦૦ લાખ કરી હતી. તાઃ-૦૨-૧૨-૨૦૨૪ થી આજ રોજ બપોરે ૧ઃ૦૦ કલાક સુધી માં ૪ -મિલ્કતોને સીલ કરેલ તથા ૯ - મિલ્કતોને ટાંચ જપ્તી નોટીસ આપેલ રીકવરી રૂ. ૪૬.૪૬લાખ રીકવરી કરેલ છે. આ કામગીરી મેનેજર સેન્ટ્રલ ઝોન,વેસ્ટ ઝોન,ઇસ્ટ ઝોન તથા તમામ વોર્ડ ઓફીસર, તમામ વોર્ડ ટેક્ષ ઇન્સપેક્ટરઓ દ્વારા નાયબ કમિશ્નર સી.કે.નંદાણીયા તથા આસી.કમિશ્નરશ્રી સમીર ધડુક ના માર્ગદર્શન હેઠળ કાર્યવાહી કરવામાં આવી. હાલ સીલીંગ અને રીકવરીની કામગીરી ચાલુ છે.

# પાલિકા-પંચાયતોની ચૂંટણીનો ધમધમાટ, ખાલી બેઠકોની માહિતી માગતા કલેક્ટર

રાજકોટ, તા. ૩ઃ થોડા દિવસોમાં જ ગ્રામ પંચાયત નગરપાલિકા અને તાલુકા પંચાયતની ચૂંટણી યોજવા જઈ રહી છે અને ગણતરીના દિવસોમાં ચૂંટણી પંચ દ્વારા જાહેરનામું પ્રસિદ્ધ કરવામાં આવે તેવી તેવી શક્યતા છે ત્યારે અત્યારથી જ સ્થાનિક તંત્ર દ્વારા તૈયારીઓ શરૂ કરી દેવામાં આવી છે અને રાજકોટ જિલ્લા કલેક્ટર પ્રભાવ જોશી દ્વારા રાજકોટની ૫૯૬ ગ્રામ પંચાયતની ખાલી પડેલી બેઠકોની માહિતી મંગાવવામાં આવી છે. અને તાત્કાલિક માહિતી આપવા પણ સૂચના આપી દેવામાં આવી છે.

આગામી સમયમાં ચૂંટણીઓ યોજવા જઈ રહી છે ત્યારે તંત્ર કામે લાગી ગયું છે અને મોટાભાગની તૈયારીઓ પણ ચૂંટણીનો લાઇવ કરી લેવામાં આવી છે.



રાજકોટ જિલ્લાની પાંચ જેટલી નગરપાલિકા તેમજ કેટલીય તાલુકા પંચાયતની ખાડી પરણેલી બેઠકો અને ગ્રામસરાજની ચૂંટણી યોજવા જઈ રહી છે. જેને લઇ તંત્ર દ્વારા તૈયારીઓ પણ મોટાભાગની પૂર્ણ કરી દેવામાં આવી છે. કલેક્ટર દ્વારા રાજકોટ જિલ્લાના ગ્રામ્ય પંચાયતની ખાલી પડેલી બેઠકોની માહિતી મંગાવવામાં આવી છે.

રાજ્ય ચૂંટણી પંચ દ્વારા રાજકોટ તાલુકા પંચાયતની ખાલી પડેલી છ બેઠકો પર ચૂંટણી અધિકારીની નિમણૂક પણ કરી દેવામાં આવી છે જેમાં ગોંડલ તાલુકાની સુલતાનપુર, ઉપલેટાની ડુમિયાણી, મોટી પાનેલી, જસદણ તાલુકાના ૦૧ આંબરડી, ભાડલા અને જેતપુર તાલુકાના પીઠડીયા સહિતની બેઠકો પર તાલુકા પંચાયતની ચૂંટણી યોજવા જઈ રહી છે. રાજ્ય ચૂંટણી પંચ દ્વારા ચૂંટણી અધિકારીઓને નિમણૂક પણ કરી દેવામાં આવી છે.

# બનાસકાંઠા કલેકટરના અનુ.જાતિ અંગે વિવાદમાં રાષ્ટ્રીય આયોગની નોટિસ

## આયોગે નોટિસ મળ્યાના ૧૫ દિવસની અંદર આ મામલે કાર્યવાહીનો રિપોર્ટ માગ્યો




અમદાવાદ, તા. ૩ઃ અનુસૂચિત જાતિ માટેના રાષ્ટ્રીય આયોગે અમદાવાદ સ્થિત માનવાધિકાર કાર્યકર્તા દ્વારા મહિસાગર કલેક્ટર નેહા કુમારી વિરુદ્ધ તેણીના કથિત દલિત વિરોધી અને કથિત વિરોધ અંગે નોંધાવેલી ફરિયાદના સંદર્ભમાં ગુજરાત પોલીસ મહાનિર્દેશક (ડીજીપી) વિકાસ સહાયની કચેરીને નોટિસ પાઠવી છે.

આયોગે નોટિસ મળ્યાના ૧૫ દિવસની અંદર આ મામલે કાર્યવાહીનો રિપોર્ટ માંગ્યો છે. આ ફરિયાદ સ્વૈચ્છિક સંસ્થા જ્ઞાતિ નિર્મૂલન સમિતિના ગુજરાત રાજ્ય કન્વીનર સંજય પરમારે નોંધાવી છે. તેમની ફરિયાદમાં, પરમારે એક કથિત વિડિયોનો ઉલ્લેખ કર્યો છે જે ૨૩ ઓક્ટોબરે મહિસાગર જિલ્લામાં એક SWAGAT કાર્યક્રમ દરમિયાન શૂટ કરવામાં આવ્યો હતો.

પરમારે આક્ષેપ કર્યો હતો કે, કથિત વિડિયોમાં, મહિસાગર કલેક્ટર અનુસૂચિત જાતિ સમુદાયના એક વ્યક્તિનું અપમાન કરે છે, જે રજૂઆત કરી રહ્યો હતો, જ્યારે એવો દાવો પણ કર્યો હતો કે અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિ (અત્યાચાર નિવારણ) હેઠળ નોંધાયેલા ૯૦% કેસો છે. અધિનિયમ, જેને સામાન્ય રીતે એટ્રોસિટી એક્ટ તરીકે ઓળખવામાં આવે છે, તેને પબ્લીક મેઈલિંગ માટે દાખલ કરવામાં આવે છે.

તેમની ફરિયાદમાં, પરમારે અખિલ ભારતીય સેવાઓ (આચાર) નિયમો, ૧૯૬૮ના ભંગ બદલ મહિસાગર કલેક્ટરને સેવામાંથી બરતરફ કરવા અને એટ્રોસિટી એક્ટ હેઠળ કથિત વિડિયોમાં તેણીની કથિત ટિપ્પણી બદલ તેમની સામે ફોજદારી કેસ નોંધવાની માંગ કરી છે. પરમારે જણાવ્યું હતું કે તેમની ફરિયાદ પર કાર્યવાહી કરતાં પંચે ૨૫ નવેમ્બરે ગુજરાત પોલીસ મહાનિર્દેશકને નોટિસ પાઠવી તેમની પાસેથી કાર્યવાહીનો અહેવાલ માંગ્યો હતો.

# કમિશનર રજા પર રાજકોટ મહાનગર પાલિકા રામ ભરોસે

- ■ મ્યુનિ.કમિશનરના ઇન્ચાર્જ કોણ? કોર્પોરેશનમાં ફાઇલોના લાગ્યા થપ્પા
- ■ નવા ટેન્ડર, બીડ પ્રક્રિયા, સ્ટેન્ડિંગની દરખાસ્ત, બાંધકામ મંજૂરી, કોન્ટ્રાક્ટરોના બિલ સહિતની કામગીરી ઠપ
- ■ પદાધિકારીઓ તાયફામાં વ્યસ્ત, અરજદારો કચેરીના ધક્કા ખાઇ થાકયા






રાજકોટ, તા. ૩ઃ ટીઆરપી ગેમઝોન અગ્નિકાંડ બાદ મહાનગરપાલિકાની દશા દિવસેને દિવસે માઠી થતી જાય છે. અનેક વિભાગોમાં અધિકારીઓ તેમજ સ્ટાફની અરસ પરસ બદલી કરવા છતાં એક પણ વિભાગની કામગીરી ઉલ્લેખનીય થતી નથી જેનું કારણ સ્ટાફનો અભાવ જાણવા મળેલ છે. જેમાં હવે મ્યુનિસિપલ કમિશનર ડી.પી. દેસાઈ લાંબી રજા ઉપર ઉતરી જતાં ઇન્ચાર્જ તરીકે આજ સુધી કોઈ અધિકારીની નિમણુંક ન થતાં ટાઉન પ્લાનીંગ વિભાગથી લઈને ટેન્ડર સહિતની પ્રક્રિયા ઠપ થઈ ગઈ હોય તેમ જાણવા મળેલ છે. ફાઇનલ મંજુરી કમિશનર દ્વારા આપવાની હોય હાલ સેનાપતિ વગરના સૈન્ય જેવી દશા કોર્પોરેશનની છે. મોટાભાગના વિભાગોમાં ફાઇલોના થપ્પા મંજુરી વાંકે લાગેલા હોવાનું સુત્રોમાંથી જાણવા મળેલ છે. છતાં ઇન્ચાર્જની નિમણુંક કરવા મુદ્દે પદાધિકારીઓએ પણ મગનું નામ મરી ન પાડતા પ્રજાના કામો લટકી પડ્યા છે.

મહાનગરપાલિકામાં અગ્નિકાંડ બાદ મોટાભાગના અધિકારીઓની અરસપરસ બદલીઓ કરી દેવામાં આવી છે. પારદર્શક વહીવટ થાય અને કૌભાંડો અટકે તે માટે સરકાર દ્વારા કમિશનર ડી.પી. દેસાઈની નિમણુંક કરવામાં અવી હતી. તેમના દ્વારા અનેકવિધ પગલાઓ લઈ કોર્પોરેશનની ઉતરી ગયેલી ગાડી પાટે ચડાવવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો. ધીમે ધીમે તમામ વિભાગની કામગીરી રાબેતા મુજબ થઈ જશે તેવું લાગી રહ્યુ હતું. તેવામાં થોડા સમય પહેલા ડી.પી. દેસાઈ પોતાના પારિવારીક પ્રસંગોપાત રજા ઉપર ગયેલ તેમના સ્થાને ઈન્ચાર્જ તરીકે કલેક્ટરની નિમણુંક કરવામાં આવેલ ત્યાર બાદ આવેલ જનરલ બોર્ડની કામગીરી પણ ડેપ્યુટર કમિશનરની અધ્યક્ષતામાં નિફટાવવામાં આવી હતી. ત્યાર બાદ કમિશનર રજા ઉપરથી આવી જશે અને તમામ વિભાગની કામગીરી રાબેતા મુજબ શરૂ થઈ જશે તેમ લાગતુ હતુ ત્યારે જ મ્યુનિસિપલ કમિશનરની કોર્પોરેશન ખાતે હાજર થવાના દિવસે જ ફરી વખત એક માસની રજા મુકી હોવાનુંસુત્રોએ જણાવ્યું હતું.

જેના લીધે ખાસ કરીને હવે પછી પ્રસિદ્ધ થનારા તમામ પ્રકારના કામોના ટેન્ડરોમાં વિક્ષેપ આવ્યો છે અને વિભાગ દ્વારા ડિમાન્ડ મુકવામાં આવેલ ટેન્ડર પ્રક્રિયા હાલ અટકી પડી છે. જેની સામે ટાઉન પ્લાનીંગ વિભાગમાં આવેલ નવા બાંધકામોની ફાઈલો તેમજ અન્ય વિભાગ દ્વારા વિવિધ કામો માટે મ્યુનિસિપલ કમિશનરની મંજુરી તેમજ સહી ફરજિયાત હોય તેવા તમામ કામોની ફાઈલોના હાલ થપ્પા લાગી ગયાનું જાણવા મળેલ છે. તેવી જ રીતે કોઈ અધિકારીએ પોતાના વિભાગમાં થતી કામગીરી માટે સલાહ સુચન લેવાના હોય તે પણ અટકી જતાં હાલ મોટાભાગના વિભાગની કામગીરી મંદ ગતિએ ચાલી રહી છે. જેના લીધે અરજદારો રોજે રોજ કોર્પોરેશન કચેરીએ ધક્કાખાઈ રહ્યા છે. છતાં જવાબ દેવાવાળું કોઈ હાજરમાં નથી.

મહાનગરપાલિકાના કમિશનર રજા ઉપર જાય ત્યારે નિયમ મુજબ ડેપ્યુટી કમિશનરને ચાર્જ સોંપવામાં આવતો હોય છે. પરંતુ ટીઆરપી ગેમઝોન અગ્નિકાંડ બાદ સરકારને કોઈ ઉપર ભરોસો ન હોય તેમ આ વખતે મ્યુનિસિપલ કમિશનર ડી.પી. દેસાઈ રજા ઉપર જતા તેમનો ચાર્જ થોડા સમય માટે કલેક્ટરને સોંપવામાં આવ્યો હતો. પ્રથમ રજા પૂર્ણ થયા બાદ કમિશનર એક માસની રજા ઉપર ગયા હોવાનું ચર્ચાઈ રહ્યું છે. છતાં પદાધિકારીઓએ આ બાબતે કોઈ ધ્યાન આપ્યું નથી અને ઈન્ચાર્જ તરીકે નિમણુંક કરવા મુદ્દે પણ ચૂપકીદી સેવી લીધી હોય તેવું વાતાવરણ કોર્પોરેશન કચેરીમાં જોવા મળી રહ્યું છે.

## સ્ટેન્ડિંગની દરખાસ્ત પણ અટકશે

મહાનગરપાલિકાના તમામ વિભાગોમાં નવાકામ કરવાના હોય ત્યારે જે તે વિભાગના ઉચ્ચઅધિકારી દ્વારા આ પ્રોજેક્ટની ડિમાન્ડ તેમજ સંપૂર્ણ વિગત સાથે મ્યુનિસિપલ કમિશનરને દરખાસ્ત કરવામાં આવતી હોય છે. જેના આધારે કમિશનર દ્વારા ટેન્ડર પ્રક્રિયા હાથ ધરી ટેન્ડર પ્રસિદ્ધ થતાં હોય છે. બીડ ખુલ્યા બાદ ફાઈનલ એજન્સીને કામ આપવાનું હોય ત્યારે તેની દરખાસ્ત કમિશનર દ્વારા તૈયાર કરી સ્ટેન્ડીંગ કમિટિમાં મંજુરી અર્થે મોકલવાની થાય છે. પરંતુ મ્યુનિસિપલ કમિશનર હાલ એક માસ રજા ઉપર ગયેલ હોય તેમજ ઈન્ચાર્જ તરીકે કોઈ અધિકારીની નિમણુંક કરવામાં આવી નથી. જેથી હાલમાં મુદત પૂરી થઈ રહી હોય તેવા ટેન્ડરોનું બીડ ખોલ્યા બાદ એજન્સી નક્કી કરાશે ત્યારે આ કામની મંજુરી માટેની દરખાસ્તને મંજુરી આપી સ્ટેન્ડીંગમાં કોણ રજૂ કરશે તે બાબતે પણ કોકડુ ગુંચવાયું હોય તેમ જાણવા મળેલ છે. જેના લીધે નવા કામોની દરખાસ્ત સ્ટેન્ડીંગમાં સમયસર નહીં આવે અને લોકોના કામ પણ ટલ્લે ચડશે તેવુ લાગી રહ્યું છે.

# અટલ સ્માર્ટ સીટી સહિતના એક હજાર કરોડના વિકાસ કામોના લોકાર્પણ-ભૂમિપૂજન માટે મુખ્યમંત્રીને આમંત્રણ આપતા મેયર

## જિલ્લા પંચાયત બિલ્ડીંગનું પણ ખાતમુહૂર્ત કરે એવી શકયતા



રાજકોટ, તા.૪


રાજકોટમાં મહાપાલિકા હસ્તકના કરોડોના નવા વિકાસ કામોના લોકાર્પણ અને ભૂમિપૂજન કરાવવાના હોય, મુખ્યમંત્રીને આ કામો માટે રાજકોટ આવવાનું આમંત્રણ આપવા આજે મેયર નયનાબેન પેઢડીયા ગાંધીનગર ગયા છે. અટલ સ્માર્ટ સીટી સહિતના એકાદ હજાર કરોડના કામોની યાદી મુખ્યમંત્રી કાર્યાલયને સોંપવામાં આવી છે.

આગામી તા. ૧૩ ડિસેમ્બરના શુક્રવારે મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલ રાજકોટ આવવાના છે. કણકોટ રોડ પર જશવંતપુર પાસે વિશાળ ઉમિયાધામનું નિર્માણ કરવામાં આવનાર છે. તેમના હસ્તે તા.૧૩ના સવારે ૯ વાગ્યે આ ધામનું ભૂમિપૂજન કરવા આયોજન કરાયું છે. સંસ્થા દ્વારા મુખ્યમંત્રીને અપાયેલા આમંત્રણનો સ્વીકાર કરાયાનું જાણવા મળ્યું છે. આથી આ દિવસે આ સાથે રાજકોટના વિકાસ કામોના પણ ઉદઘાટન અને ખાતમુહૂર્ત કરાવવા મનપા શાસક પક્ષે પ્રયાસો કર્યા છે. આજે સાંજે ગાંધીનગર ખાતે મેયર નયનાબેન પેઢડીયા મુખ્યમંત્રીને મળવાના છે. આ બાદ એકાદ બે દિવસમાં કાર્યક્રમની તારીખ મળી જાય તેવી શકયતા છે.

આ ઉપરાંત રાજકોટ જિલ્લા પંચાયતના નવા બિલ્ડીંગનું પણ ભૂમિપૂજન કરવાનું છે. આ કામનો શિલાન્યાસ પણ આ દિવસે મુખ્યમંત્રીના હસ્તે કરાવવા પંચાયતના પ્રતિનિધિઓ દ્વારા આમંત્રણ મોકલાયું છે. મનપાએ રૈયામાં અઢીસો કરોડના ખર્ચે બનાવેલા વિશાળ અટલ સ્માર્ટ સીટીનું પણ લોકાર્પણ કરવાનું છે. આ પ્રોજેકટ પુરો થઇ ગયેલો છે. તો પાણીની ડીઆઇ પાઇપલાઇન સહિતના રાજકોટના ૭૫૦ કરોડના અન્ય વિકાસ કામોના લોકાર્પણ અને ભૂમિપૂજન પણ કરવા મુખ્યમંત્રીને વિનંતી કરાઇ છે. આવાસ યોજનાનો ડ્રો પણ થઇ શકે છે. આથી રાજકોટના ખુબ મોટા અને મહત્વના કામો મુખ્યમંત્રીના હસ્તે શરૂ કરવા ધમધમાટ શરૂ કરી દેવામાં આવ્યો છે.

### બાળકોને મોબાઈલ આપી દેતા વાલીઓ માટે લાલબત્તીરૂપ કિસ્સો

# જસદણમાં સ્નેપચેટ મિત્રએ સગીરાને હવસનો શિકાર બનાવી



જસદણ,તા.૪

આજકાલ બાળકોને મોબાઈલ આપી દેતા તેમજ સોશિયલ મીડિયાનો સતત ઉપયોગ કરી રહેલા યુવાનો અને બાળકોને લઈને એક લાલબત્તી સમાન કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. જેમાં એક યુવકે સ્નેપચેટ મારફતે સગીરાને ફસાવીને તેને હવસનો શિકાર બનાવી હતી.

આ અંગે જસદણ પંથકના એક ગામમાં રહેતી મહિલાએ આટકોટ પોલીસ મથકમાં સરફરાઝ રઝાકભાઈ ભટ્ટી નામના ઈસમ વિરુદ્ધ ફરિયાદ નોંધાવી છે. પોતાની ફરિયાદમાં મહિલાએ જણાવ્યું કે, તેમની ૧૬ વર્ષીય પુત્રી મોબાઈલમાં સોશિયલ મીડિયાનો ઉપયોગ કરે છે.

નજીક ફાકી માંગીને દોઢ કલાકમાં ૩ લોકોને છરીના ઘા ઝીંકીને લૂંટી લીધા, પોલીસે ટપોરી ટોળકીને રાતોરાત પકડીને કાયદાનું ભાન કરાવ્યુંજેમાં સ્નેપચેટ પ્લેટફોર્મ થકી તેમની દીકરી સરફરાઝ નામના યુવકના સંપર્કમાં આવી હતી. જે બાદ બન્ને એકબીજા સાથે વાતચીત કરતા હતા. આ દરમિયાન સરફરાઝે ભોળવીને સગીરાના ફોટા પાડી લીધા હતા.

જે બાદ સરફરાઝે આ ફોટા સગીરાને મોકલીને તેને વાઈરલ કરવાની ધમકી આપીને મરજી વિરુદ્ધ શરીર સબંધ બાંધીને દુષ્કર્મ આચર્યું હતુ. આ ઘટના બાદ ગભરાયેલી સગીરાએ સમગ્ર હકીકત પોતાની માતાને જણાવી હતી. હાલ તો મહિલાની ફરિયાદના આધારે આટકોટ પોલીસે દુષ્કર્મ અને પોક્સોનો ગુનો દાખલ કરીને આરોપી સરફરાઝની ધરપકડ કરીને આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# અગ્નિકાંડ બધા આરોપીઓએ વકીલ રોકી લીધા, કેસ ઝડપી ચાલશે તેવી આશા બંધાઈ, ત્યાં જમીન માલિકોએ ડે ટુ ડે ટ્રાયલ સામે વાંધા લીધા

## અમુક આરોપીએ ખાનગી વકીલ રોક્યા, કેટલાકને લીગલ એઇડમાંથી વકીલ ફાળવાયાઃ આગામી તા. ૧૯ ડિસેમ્બરે વધુ સુનાવણી

રાજકોટ, તા.૪

અગ્નિકાંડના કેસમાં બધા આરોપીઓએ વકીલ રોકી લીધા છે. કેસ ઝડપી ચાલશે તેવી આશા બંધાઈ હતી પણ ત્યાં જમીન માલિકોએ ડે ટુ ડે ટ્રાયલ સામે વાંધા લીધા છે.આજે ટીઆરપી અગ્નિકાંડની ૮મી મુદ્દતે આરોપીઓને હાજર રખાયા હતા. આ તરફ રોજે રોજ કેસ ચાલે તેમાં આરોપી કિરીટસિંહ અને અશોકસિંહ જાડેજાએ અસહમતિ દર્શાવી હતી.

તેઓએ પોતાના વકીલ મારફતે વાંધા રજૂ કર્યા હતા. આ કેસમાં અમુક આરોપીએ ખાનગી વકીલ રોક્યા છે. કેટલાકને કોર્ટે લીગલ એઇડમાંથી વકીલ ફાળવ્યા છે. આગામી તા. ૧૯ ડિસેમ્બરે વધુ સુનાવણી હાથ ધરાશે.સમગ્ર વિગત જોઈએ તો તા.૨૫ મે ૨૦૨૪ની સાંજે રાજકોટના નાના મવા રોડ નજીક સયાજી હોટલ પાછળ આવેલ ટીઆરપી ગેમઝોનમાં આગ લાગતા ૨૭ લોકોના



મોત થયા હતા અને ત્રણેક લોકોને ઈજા થઇ હતી.

જે અંગે પોલીસે ફરિયાદી બની ફરિયાદ નોંધી હતી. આ બનાવમાં ૧૬ આરોપી સામે ગુનો દાખલ થયો છે. જેમાં ટીઆરપી ગેમઝોનના સંચાલકો (૧) ધવલ ભરત ઠકકર (ધવલ કોર્પોરેશનના પ્રોપરાઇટર), રેસવે એન્ટરપ્રાઇઝના ભાગીદારો (૨) અશોકસિંહ જગદીશસિંહ જાડેજા, (૩) કિરીટસિંહ જગદીશસિંહ જાડેજા, (૪) પ્રકાશચંદ કધહેયાલાલ હીરન, (૫) યુવરાજસિંહ હરીસિંહ સોલંકી, (૬) રાહુલ લલીતભાઇ રાઠોડ, ગેમઝોન મેનેજર (૭) નીતિન મહાવીરપ્રસાદ લોઢાજૈન, રાજકોટ મહાનગર પાલિકાના ટાઉન પ્લાનિંગ ઓફિસર (૮) મનસુખભાઇ ધનજીભાઇ સાગઠીયા, આસિસ્ટન્ટ ટીપીઓ (૯) ગૌતમ દેવશંકરભાઇ જોષી, આસિસ્ટન્ટ ટીપીઓ (૧૦) મુકેશભાઇ રામજીભાઇ મકવાણા, કાલાવડ રોડ ફાયર સ્ટેશનના ફાયર સ્ટેશન ઓફિસર (૧૧) રોહીતભાઇ આસમલભાઇ વિગોરા, ટીપી શાખાના એન્જીનીયર અને એટીપીઓ (૧૨) જયદીપ બાલુભાઈ ચૌધરી (૧૩) રાજેશભાઇ નરશીભાઇ મકવાણા, ચીફ ફાયર ઓફિસર (૧૪) ઇલેશ વાલાભાઇ ખેર, ડેપ્યુટી ચીફ ફાયર ઓફીસર (૧૫) ભીખા જીવાભાઈ ઠેબા અને ગેમઝોન ખાતે ફેબ્રિકેશનનો કોન્ટ્રાકટ રાખનાર (૧૬) મહેશ અમૃત રાઠોડ સામે ગુનો નોંધાયો છે. જેમાં અગ્નિકાંડના બનાવમાં પ્રકાશચંદ કધહેયાલાલ હીરનનું મોત થયું હતું.

જેથી બાકીના ૧૫ આરોપીની ધરપકડ કરી રિમાન્ડ બાદ જેલ હવાલે છે. આ કેસમાં સેશન્સ કોર્ટમાં કમિટ થયાં બાદ આજે ૮મી મુદ્દતે સુનાવણી થઈ હતી. ગત મુદ્દતે સરકાર તરફેણ સ્પેશલ પીપી તુષાર ગોકાણીએ કોર્ટમાં આ કેસ ડે ટુ ડે ચાલે તે માટે અરજી કરી હતી. આ અરજી સાથે ૧૩ આરોપી સહમત થયાં હતા પણ કોર્ટમાં આ અરજી થયાં પછી આજે ટીઆરપી ગેમઝોનની જમીનના માલીક અશોકસિંહ અને કિરીટસિંહના વકીલોએ ડે ટુ ડે કેસ ચાલે તે માટેની અરજી સામે વાંધો ઉઠાવ્યો હતો. વાંધા રજૂ કરી અરજી સાથે અસહમતિ દર્શાવી હતી અને ડે ટુ ડે કેસ ચલાવવાની માંગ કરતી આ અરજી રદ કરવા રજુઆત કરી હતી. ઉલ્લેખનીય છે કે, આ કેસમાં સરકાર પક્ષે સ્પે. પીપી તુષાર ગોકાણી, ભોગ બનનાર પ્રદીપસિંહ ચૌહાણ પરીવાર વતી રાજકોટ બાર એશોશીયેશન વતી ઉપ પ્રમુખ સુરેશ ફળદુ, તથા અન્ય એક ભોગ બનનાર વતી એન.આર.જાડેજા રોકાયેલ છે.





# રાષ્ટ્રના ગૌરવ સમાન ભારતીય નૌસેનાના જવાનોની બહાદુરીને બિરદાવવાનો અવસર એટલે 'ભારતીય નૌસેના દિવસ'

રાજકોટ તા.૪

'હર કામ દેશ કે નામ' મંત્ર સાથે કાર્યરત ભારતીય નૌસેના એ રાષ્ટ્રનું ગૌરવ છે. ભારતની દરિયાઈ સીમા અત્યંત વિશાળ છે. ભારતીય નૌકાદળ આ વિશાળ જળ વિસ્તારની સુરક્ષા કરવાનું કાર્ય કરે છે. નૌકાદળના જવાનોને સલામ કરવા અને તેમની બહાદુરીને બિરદાવવા માટે, નૌકાદળ દિવસની ઉજવણી કરાય છે. તેમજ ભારતીય નૌકાદળે ૪ ડીસેમ્બર, ૧૯૭૧ના રોજ 'ઓપરેશન ટ્રાઈડેન્ટ' હેઠળ પાકિસ્તાનના કરાચી નૌકા મથક પર હુમલો કર્યો હતો. આ ઓપરેશનની સફળતાની સ્મૃતિરૂપે દર વર્ષે ૪ ડિસેમ્બરે ભારતીય નૌસેના દિવસ ઉજવાય છે.

> ભારતીય નૌકાદળ એ રાષ્ટ્રીય હિતોની અસરકારક રીતે સુરક્ષા કરતું ત્રિ-પરિમાણીય દળ છે

ભારતીય નૌસેના એ ભારતીય સેનાનું દરિયાઇ અંગ છે, જેની સ્થાપના ઇ.સ. ૧૬૧૨માં કરવામાં આવી હતી. ઈસ્ટ ઈન્ડિયા કંપનીએ તેના જહાજોની સુરક્ષા માટે ઈસ્ટ ઈન્ડિયા કંપનીના મરીન તરીકે સેનાની રચના કરી હતી. જેને રોયલ ભારતીય નૌસેના નામ આપવામાં આવ્યું હતું. ભારતની આઝાદી બાદ ઈ.સ. ૧૯૫૦માં નૌસેનાની ફરીથી રચના કરવામાં આવી અને તેનું નામ બદલીને ભારતીય નૌસેના કરવામાં આવ્યું હતું.ભારતીય નૌકાદળ એક સંતુલિત અને સંકલિત ત્રિ-પરિમાણીય દળ છે, જે મહાસાગરોની સપાટી ઉપર અને સપાટી નીચે કાર્ય કરવા સક્ષમ છે અને આપણા રાષ્ટ્રીય હિતોની અસરકારક રીતે સુરક્ષા કરે છે.

નૌકાદળના વડા, સંરક્ષણ મંત્રાલયના સંકલિત મુખ્યાલયમાંથી ભારતીય નૌકાદળના ઓપરેશનલ અને વહીવટી નિયંત્રણની કામગીરી કરે છે. તેમને વાઈસ ચીફ ઓફ ધ નેવલ સ્ટાફ (....) અને અન્ય ત્રણ પ્રિન્સિપલ સ્ટાફ ઓફિસર્સ, જેમ કે ડેપ્યુટી ચીફ ઓફ ધ નેવલ સ્ટાફ, ચીફ ઓફ પર્સનલ અને ચીફ ઓફ મટિરિયલ મદદ કરે છે.

પશ્ચિમી અને પૂર્વીય નેવલ કમાન્ડ્સ 'ઓપરેશનલ કમાન્ડ્સ' છે અને અનુક્રમે અરબી સમુદ્ર અને બંગાળની ખાડીમાં કામગીરી કરે છે. સધર્ન કમાન્ડ એ ટ્રેનિંગ કમાન્ડ છે. દરેક કમાન્ડ હેઠળ નેવલ ઓફિસર-ઈન-ચાર્જ () છે, જે તેમના સંબંધિત અધિકારક્ષેત્ર હેઠળ બંદરોના સ્થાનિક નૌકા સંરક્ષણ માટે જવાબદાર છે. આંદામાન અને નિકોબાર ટાપુઓનું સંરક્ષણ એ ત્રણેય કમાન્ડની સંયુક્ત જવાબદારી છે. લક્ષદ્વીપ જૂથના ટાપુઓના સ્થાનિક નૌકા સંરક્ષણની જવાબદારી લક્ષદ્વીપ નેવલ ઓફિસર-ઈન-ચાર્જની છે.

ભારતીય નૌસેનાએ આંતરરાષ્ટ્રીય સરહદ પર માછીમારી કરવા જતા માછીમારોની શોધખોળ કરવી પડતી હોય છે. જેના માટે નૌસેના દરરોજ માછીમારોના એસોસીએશન સાથે પણ સતત સંપર્કમાં રહીને તમામ માછીમારોની વિગતો હાંસલ કરે છે. નૌસેનાનો મહત્વનો ઉદ્દેશ આતંકવાદીઓથી દેશનું રક્ષણ કરવાનો છે. ભારતીય નૌસેનાનું આદર્શ વાક્ય એટલે કે જળના દેવતા વરુણ, અમારા માટે મંગલકારી રહે! દેશની દરિયાઈ સરહદને સુરક્ષિત રાખવાની સાથે ભારતીય નૌકાદળ કુદરતી આફતોના કિસ્સામાં માનવતાવાદી સહાય કામગીરીમાં પણ મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. ભારતીય નૌકાદળની તાકાત સમગ્ર વિશ્વમાં વિખ્યાત છે. ભારત ત્રણ બાજુથી સમુદ્રથી ઘેરાયેલો દેશ છે. આંતરિક સુરક્ષા હોય કે દરિયાઈ વેપાર હોય, ભારતીય નૌકાદળ દરેક પ્રતિકૂળ પરિસ્થિતિનો સામનો કરવા માટે હંમેશા તૈયાર રહે છે.

## નૌકાદળ પાસે નીચે મુજબ ત્રણ કમાન્ડ છે, દરેક ફ્લેગ ઓફિસર કમાન્ડિંગ-ઇન-ચીફના નિયંત્રણ હેઠળ છે.

૧. વેસ્ટર્ન નેવલ કમાન્ડ (મુંબઈ ખાતે મુખ્યાલય)
૨. ઈસ્ટર્ન નેવલ કમાન્ડ (વિશાખાપટ્ટનમ ખાતે મુખ્યાલય)
3. સધર્ન નેવલ કમાન્ડ (કોચી ખાતે મુખ્યાલય)

### ટેકનીકલ આંટીઘૂંટીમાં પત્નીની છુટાછેડાની અરજી ફગાવતા ચુકાદાની ટીકા

# વૈવાહિક જીવનની તકરારમાં ફેમિલી કોર્ટ સંવેદનશીલ બને: હાઇકોર્ટની માર્ગદર્શિકા

## રાજ્યની તમામ ફેમીલી કોર્ટોને માર્ગદર્શિકા મોકલવા રજીસ્ટ્રીને સુચના: સંકુચિત – ટેકનીકલ અભિગમ ટાળવા તાકિદ



અમદાવાદ, તા.૪

એક યુગલ વચ્ચે વૈવાહિક જીવનની તકરારમાં પત્ની તરફથી કરવામાં આવેલી છૂટાછેડાની અરજીની સુનાવણી દરમિયાન પતિ દ્વારા અગાઉ છૂટાછેડાના કરાર કર્યા હોવા છતાં કાયદાની આંટીઘૂંટીઓને આધિન રહીને ટેકનીકલ એપ્રોચ અપનાવીને ફેમિલી કોર્ટ દ્વારા રીજેક્ટ કરવાના કેસમાં અદાલતે ફેમીલી કોર્ટ દ્વારા ભૂલ ભરેલો નિર્ણય લેવામાં આવ્યો છે તેવું અવલોકન કરીને રાજ્યભરની ફેમિલી કોર્ટો માટે માર્ગદર્શિકાઓ જાહેર કરી છે અને તમામ કોર્ટોને આ ચુકાદાની નકલ મોકલી આપવા માટે હાઇકોર્ટ રજીસ્ટ્રીને આદેશ કર્યો છે.

ગુજરાત હાઈકોર્ટની બેન્ચે તેના આદેશમાં અવલોકન કર્યું છે કે ફેમિલી કોર્ટ લગ્ન, બાળકોની કસ્ટડી અને ભરણપોષણના મુદ્દાઓ પ્રત્યે સંવેદનશીલ હોવી જોઈએ અને પારિવારિક મુદ્દાઓ કે જે પક્ષકારોના જીવનને સ્પર્શે છે તેના માટે અલગ અભિગમની જરૂર છે. હાઈકોર્ટે વધુમાં જણાવ્યું હતું કે અદાલતે હંમેશા દાવોમાં સમાન મુદ્દા પ્રત્યે યાંત્રિક, સંકુચિત અને અતિ-તકનીકી અભિગમ ટાળવાનો પ્રયાસ કરવો જોઈએ.

અદાલતોએ હંમેશા વૈવાહિક જીવનના ભોગ બનનારના લાભ અને કલ્યાણ માટે ફેમિલી કોર્ટ એક્ટ, ૧૯૮૪ના હેતુને વળગી રહેવું જોઈએ. જસ્ટિસ બિરેન વૈષ્ણવ અને જસ્ટિસ મૌલિક શેલતની બેન્ચે ફેમિલી કોર્ટ માટે માર્ગદર્શિકા પણ જારી કરી હતી અને રજિસ્ટ્રીને આદેશ આપ્યો હતો કે આ ચુકાદાની નકલ રાજ્યભરની તમામ ફેમિલી કોર્ટમાં મોકલવામાં આવે.

એક મહિલા દ્વારા દાખલ કરવામાં આવેલી અપીલની સુનાવણી કરી રહી હતી જેણે તેના પતિથી છૂટાછેડાની માંગ કરી હતી કારણ કે તે અગિયાર વર્ષથી તેનાથી અલગ રહેતી હતી. દંપતીનો પુત્ર મહિલા સાથે રહેતો હતો. ક્રિકેટ મેચો પર સટ્ટાબાજીની આદતને કારણે તેના પતિને ભારે દેવું થઈ જતાં મહિલાએ તેની સાસરીનું ઘર છોડી દીધું હતું. તેઓએ મ્યુચ્યુઅલ સેપરેશન ડીડ કર્યું હતું અને બાદમાં પત્નીએ છૂટાછેડા માટે દાવો દાખલ કર્યો હતો.

કોર્ટ દ્વારા સમન્સ અને અખબારમાં જાહેરાત આપીફને હાજર રહેવા માટે કાર્યવાહી કરવા છતાં પતિ હાજર રહ્યો નહોતો. આથી ફેમિલી કોર્ટે એકતરફી સુનાવણી કરીને કાયદાના પત્ની પતિ દ્વારા ક્રુઅલ્ટી સાબિત કરવામાં નિષ્ફળ ગઈ છે અને બીજા ટેકનીકલ કારણોસર છૂટાછેડાની અરજી ફગાવી દીધી હતી. બાદમાં પત્નીએ અપીલ દાખલ કરી હતી.

તે દરમિયાન પતિ હાજર થયો હતો અને તેણે પત્નીને છૂટાછેડા આપવા સહમતિ બતાવી હતી. એટલું જ નહિ આ બાબતે એક કરાર પણ રજૂ કર્યો હતો. તમામ હકીકતોને ધ્યાનમાં રાખીને હાઈકોર્ટ દ્વારા છૂટાછેડાની અરજી મંજૂર કરવામાં આવી હતી. પરંતુ ફેમિલી કોર્ટ એક્ટ અને સુપ્રીમ કોર્ટ દ્વારા પ્રસ્થાપિત સિધ્ધાંતોને નેવે મુકીને ચુકાદો આપવા બદલ ફેમિલી કોર્ટના ટેકનીકલ અને મિકેનિકલ અભિગમની ટીકા કરીને શ્રેણીબધ્ધ ગાઇડલાઇન જારી કરવામાં આવી હતી.

કેસો નક્કી કરતી વખતી ફેમિલી કોર્ટો દ્વારા ધ્યાનમાં રાખવાનું રહેશે કે દેશની સંસદ દ્વારા શા માટે ફેમિલી કોર્ટ એક્ટ, ૧૯૮૪ ઘડવામાં આવ્યો હતો અને તેના હેતુઓ મુજબ કામ કરવાનું રહેશે.

કોઈપણ પ્રકારનો કૌટુંબિક વિવાદ ફેમિલી કોર્ટ સમક્ષ લાવવામાં આવે છે, તેને કોઈપણ અન્ય સિવિલ અથવા ધંધાદારી વિવાદની જેમ નકારીત્મક દાવા તરીકે ગણવો જોઈએ નહીં. કૌટુંબિક અદાલતે તેની સાથે વધુ સંવેદનશીલ અને માનવીય રીતે વ્યવહાર કરવો જોઈએ.

# ખેડૂતોના આત્મહત્યાનાં આંકડા મેળવવા આરટીઆઈ કરનાર અરજદારને ખો મળી

### સ્ટેટ કંટ્રોલ – સીઆઈડીએ હાથ ઉંચા કરી દીધા



ગાંધીનગર,તા.૪

રાજ્યમાં દેવામાં ડૂબેલા ખેડૂતોની આત્મહત્યાના આંકડા જાહેર ના કરવા પડે એટલે ગુજરાત પોલીસ દ્વારા હવે એક આરટીઆઈ અરજીને સ્ટેટ કંટ્રોલ રૂમ દ્વારા સીઆઈડી ક્રાઇમને અરજી તબદીલ કરવામાં આવી દેવામાં આવી છે.

આવો જ એક કિસ્સો બહાર આવ્યો છે જેમાં રાજ્યમાં ખેડૂતોની આત્મહત્યા સંદર્ભે એક આર.ટી.આઈ. અરજીથી ગુજરાત રાજ્યમાં ૧ જાન્યુઆરી ૨૦૨૦થી ૧ ઓક્ટોબર ૨૦૨૪ સુધીમાં આત્મહત્યા કરનાર ખેડૂતોની માહિતી માંગ કરવામાં આવી હતી.આ આર.ટી.આઈ. અરજીથી ગુજરાત પોલીસના અધિક પોલીસ મહાનિર્દેશકની કચેરી સીઆઈડી ક્રાઇમ અને રેલ્વેઝ દ્વારા માહિતી અધિકાર અધિનિયમ-૨૦૦૫ હેઠળ માહિતી આપવાની જગ્યાએ જાણ કરવામાં આવી કે ક્રાઇમને સીઆઈડી માહિતી આપવામાંથી મુક્તિ આપેલી છે. ખેડૂત આગેવાન અને અરજી કરનાર ભરતસિંહ ઝાલાએ જણાવ્યું કે, સરકારની ખેડૂત વિરોધી આર્થિક નીતિ, મોંઘા બિયારણ, ખાતર, જંતુનાશક દવા, ડીઝલ, મજુરી ખર્ચ અને પોતે પરીવાર સાથે મહેનત કરે. વીજળી બીલ કે સિંચાઇ ખર્ચ સાથે એક હેક્ટર જમીનમાં ઓછામાં ઓછો ખર્ચ એક લાખ રૂપિયા સુધી પહોંચે છે, તેની સામે કુદરતી આપત્તિમાં પાક નુકસાન થયું તેનુ કદી પુરૂ વળતર ન મળે.

પાક ઉત્પાદનના પુરા ભાવ ન મળે ઉપરાંત બેંકોની નોટીસ મળતા આબરૂ ન સાચવી શકતા પોતાના પરીવારનું ભરણ પોષણ ન થતા ખેડૂતો આત્મહત્યા કરવા મજબૂર બન્યા છે. તેમણે જણાવ્યું કે અગાઉ ૨૦૦૭માં ગુજરાત રાજ્ય માહિતી આયોગ દ્વારા તમામ માહિતી વિનામૂલ્યે આયોગમાં જાહેર કરી હતી.

### દલિત યુવક સાથેના કથિત ગેરવર્તન મુદ્દે......

# આઈએએસી નેહાકુમારી મામલે રાજ્યના પોલીસ વડાને અનુ.જાતિ આયોગની નોટીસ

### રાષ્ટ્રીય અનુસૂચિત જાતિ આયોગે માંગ્યો ખુલાસો



મહીસાગર,તા.૪

તાજેતરમાં મહીસાગર જિલ્લા કલેક્ટર દલિત યુવક સાથેના તેમના કથિત ગેરવર્તનને લઈને વિવાદમાં આવ્યા બાદ હવે આ મામલે નવો વળાંક આવ્યો છે. નેહા કુમારી વિરુદ્ધ પોલીસમાં કરવામાં આવેલી લેખિત ફરિયાદ મામલે કોઈ કાર્યવાહી કરવામાં ન આવતા રાષ્ટ્રીય અનુસૂચિત જાતિ આયોગ દ્વારા આઈએએસ નેહા કુમારી મામલે રાજ્યના પોલીસવડાને નોટિસ આપવામાં આવી છે. ૨૩ ઓક્ટોબરના રોજ બનેલી ઘટનાને લઈને મહીસાગર જિલ્લા કલેક્ટર તરીકે ફરજ બજાવતા નેહા કુમારી વિવાદમાં છે. વિજય પરમાર નામના એક દલિત યુવાનને કથિત ગાળો બોલતો આ મહિલા અધિકારીનો વિડિયો ખૂબ વાયરલ થયેલો છે. એમાં તેઓ કથિત રીતે વિજયને ચપ્પલથી મારવાની વાત કરતા તેમજ હરામી કહેતા સંભળાય છે. એટલું જ નહિ, તેઓ વકીલોને પણ ચપ્પલથી માર ખાવાને લાયક છે એવી વાત કરે છે.વધુમાં તેઓ એવું કહેતા સંભળાય છે કે, દલિતો અને આદિવાસીઓ દ્વારા કરવામાં આવતા એટ્રોસિટીના કેસો બ્લેકમેઇલ માટે કરવામાં આવે છે. આ મુદ્દે જ્ઞાતિ નિર્મૂલન સમિતિના આગેવાન સંજય પરમારે રાષ્ટ્રીય અનુસૂચિત આયોગ સમક્ષ કરેલી રજૂઆતને પગલે આયોગે રાજ્યના પોલીસ વડાને નોટિસ ફટકારી આ મુદ્દે ખુલાસો માંગ્યો છે.




# બેફામ દોડતી ટીપરવાન તો જોખમી જ છે, સાથે લટકતાં કચરાના કોથળા પણ !

અહેવાલ
હેમલ વિઠ્ઠલાણી



## અકસ્માત સર્જતી અને નંબર પ્લેટ વિનાની અનેક ટીપરવાન રસ્તા ઉપર ભયજનક નીકળે છે. કોથળા લટકાવવા મંજૂરી આપી કોણે? લોકમુખે ચર્ચાતો સવાલ

### મનપાની ઘોર બેદરકારી, કોઈ કાર્યવાહી ન થતી હોવાથી ટીપરવાન ચાલકો બેફિકર

ઘેર-ઘેરથી કચરો ઉપાડવા કોન્ટ્રાકટ આપવામાં આવ્યો છે. આવા કોન્ટ્રાકટરો દ્વારા ટીપરવાન (કચરા ગાડી) દ્વારા ઘેર-ઘેરથી કચરો લઈને કોર્પોરેશની ડમ્પિંગ સાઈડ પર પહોંચાડવામાં આવે છે. આવી ગાડીઓમાં ભીનો અને સુકો કચરો અલગ રાખવાની પણ સુવિધા છે પરંતુ ભાગ્યે જ કોઈ અલગ કચરો રાખતું હોય કે આપતા હોય છે. ખાટલે બીજી મોટી ખોટ એ પણ છે કે ભંગાર વાહન રસ્તા પર બેફામ દોડતા હોવાથી અકસ્માત સર્જવાની ભરપુર શક્યતા છે અને સાથે સાથે પાછળ ઝુલતા કચરાના મસમોટા કોથળા પણ ગમે ત્યારે પાછળ આવતા વાહનચાલકો માટે દુર્ઘટના સર્જવા સક્ષમ હોવાથી આ બાબતે પાલિકા કોઈ કાર્યવાહી કરે તેવું લોકો ઈચ્છી રહ્યા છે.

છેલ્લા ઘણા સમયથી કચરાના પાતળા પ્લાસ્ટીકના કોથળા ટીપરવાનના પાછળ લટકાવી તેમાં પણ કચરો ભરવામાં આવતો હોય છે ઘણી વખત આવા પાતળા પ્લાસ્ટીકના કોથળા વધુ પડતા કચરાના વજનને કારણે રસ્તા પર પડી ગયાના પણ બનાવ બન્યા છે. તેમજ ઘણી ટીપરવાનની પાછળ નિયમ મુજબ નંબર પ્લેટ પણ જોવા મળતી નથી. ફુલ સ્પીડમાં જતી ટીપરવાનમાં જ્યારે આવા પાછળ રાખેલા કોથળા અચાનક રસ્તા પર તૂટીને પડી જાય છે.

શહેરમાં દોડતી તમામ કચરા ગાડીમાં આવી રીતે કચરો ભરવા માટે કોથળા ટીંગાડવામાં આવે છે. ત્યારે સવાલ એ થાય છે કે શું કોન્ટ્રાકટરોને પાછળ આવા કોથળા લટકાવવા મંજૂરી આપવામાં આવી છે કે જાતે જ લઈ લેવાઈ છે ? ફુલ સ્પિડે જતી ગાડીમાંથી કચરો ભરેલો - કોથળો રસ્તા પર કચરાના વજનને કારણેપડી જાય છે અને પાછળ આવતા વાહન ચાલકો અકસ્માતનો ભોગ બનશે તેની જવાબદારી કોની રહેશે. આવા અનેક પ્રશ્નો નગરજનોના મનમાં ઘુમરાઈ રહ્યા છે.

# સૂર્ય ઘર યોજના અંતર્ગત વોર્ડવાઇઝ કેમ્પ શરૂ કરતી મહાપાલિકા

## વોર્ડ નં.૧થી પ્રારંભ-આજે વોર્ડ નં.૨માં આયોજનઃ પીજીવીસીએલ દ્વારા કોર્પોરેશન મારફત લોકોમાં જનજાગૃતિ વધારવા પ્રયાસ




રાજકોટ, તા.૪

સૌર ઊર્જાના ઉપયોગને પ્રોત્સાહન આપવા માટે શરૂ કરવામાં આવેલી મહત્વાકાંક્ષી પી.એમ.- સૂર્ય ઘર યોજના હેઠળ દર મહિને ૩૦૦ યુનિટ મફત વીજળી દ્વારા ૧ કરોડ ઘરોને સુવિધા પૂરી પાડતી આ યોજનાનો સરળતાથી લાભ લઈ શકાય છે. શહેરીજનો આ યોજનાનો વધુમાં વધુ લાભ મેળવે અને આ યોજનાથી માહિતગાર થાય તે હેતુસર મહાનગરપાલિકા દ્વારા પી.જી.વી.સી.એલ.ના સંકલનથી પી.એમ.- સૂર્ય ઘર મફત વીજળી યોજનાનો વોર્ડ વાઇઝ તા.૩ થી ૨૪ સુધીના કેમ્પનો આજે વોર્ડ નં.૧માં વોર્ડ ઓફીસ, વોર્ડ નં.૧-અ, ફાયર સ્ટેશન,રામાપીર ચોકડી, ૧૫૦ ફૂટ રિંગ રોડ ખાતેથી પ્રારંભ કરાયો છે. વીજ કંપનીની આ યોજનાનો મનપા વધુ સારો પ્રચાર અને પ્રસાર કરી શકે તે માટે સરકારે આ જવાબદારી સોંપી છે. કેમ્પમાં ૧૬૦ જેટલા લોકોએ મુલાકાત લીધી હતી અને સવાસો જેટલા નાગરિકોએ યોજનામાં રસ દાખવ્યો હતો.

આજના કેમ્પમાં કોર્પોરેટર અલ્પેશભાઈ મોરજરીયા, સિટી એન્જી. બી.ડી.જીવાણી, મેનેજર કૌશિક ઉનાવા, વોર્ડ ઓફિસર કિંજલબેન ચોલેરા, પી.જી.વી.સી.એલ.ના કાર્યપાલક ઈજનેર બી.એમ.પટેલ અન્ય અધિકારીઓ, ભાજપના હોદ્દેદારો હાજર રહ્યા હતા અને વીજ કંપનીના અધિકારીઓ દ્વારા ઉપસ્થિત નાગરિકોને પ્રધાનમંત્રી - સુર્યઘર મફત વીજળી યોજના અંગે માહિતગાર કરવામાં આવ્યા હતા.આજે વોર્ડ નં.૨ની વોર્ડ ઓફિસ ગીત ગુર્જરી સોસાયટી પાસે આ કેમ્પ રાખવામાં આવ્યો છે.

### રાઈડસ સંચાલકોને ડીપોઝીટ પરત કરવા માટે અંતે વહીવટીતંત્ર દ્વારા કાર્યવાહી

રાજકોટ તા.૨

જન્માષ્ટમીના લોકમેળાના રાઈડસ સંચાલકોને ડીપોઝીટની રકમ પરત કરવા માટે વહીવટીતંત્ર દ્વારા અંતે ગતિવિધિઓ તેજ કરી દેવામાં આવી છે. સીટી પ્રાંત-૧ અધિકારી ચાંદની પરમાર દ્વારા આ અંગેની ફાઈલ જિલ્લા કલેકટર પ્રભવ જોશીને મોકલી દેવામાં આવી છે. અહીં એ ઉલ્લેખનીય છે કે જન્માષ્ટમીનો લોકમેળો ભારે વરસાદ ખાબકતા રદ કરવામાં આવેલ હતો. જેના પગલે ડીપોઝીટ અને ભાડાની રકમ ભરપાઈ કરનારા સ્ટોલ ધારકોને તેમની આ રકમ વહીવટીતંત્ર દ્વારા પણ કરવામાં આવી હતી. પરંતુ એસઓપીના મામલે ગુજરાત હાઈકોર્ટમાં જતા અંતે સુરક્ષાના મામલે એસઓપીમાં બાંધછોડ કરવાનો હાઈકોર્ટ દ્વારા ઈન્કાર કરાયો હતો. જે બાદ રાઈડસ સંચાલકોની ડિપોઝીટની રકમ અટવાઈ પડી હતી જેને પરત કરવા માટે વહીવટીતંત્ર દ્વારા હવે કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

# સત્યવિજયના આઇસ્ક્રીમમાં ક્રીમ ઓછું! ગોવાલીયાના ચીઝમાં મિલાવટ

## લાખાજીરાજ રોડના આઇસ્ક્રીમના સેમ્પલમાં મિલ્ક ફેટ ઓછું હતુંઃ ચીઝમાં કૃત્રિમ ફેટ મળ્યું રૈયા રોડના ખાણીપીણીના ૫૮ ધંધાર્થીને ત્યાં ચકાસણી

રાજકોટ, તા.૪

મ્યુનિ. કોર્પોરેશન દ્વારા થોડા સમય પહેલા લાખાજીરાજ રોડના સત્યવિજય આઇસ્ક્રીમમાંથી લેવામાં આવેલ વેનીલા આઈસ્ક્રીમમાં મિલ્ક ફેટનું પ્રમાણ ઓછું સાબિત થયું છે. તો ગોવાલીયા ફૂડ પ્રોડકટના ચીઝમાં કૃત્રિમ ફેટની હાજરી મળતા બંને ફેઈલ નમુનાના કેસ દંડનીય કાર્યવાહી માટે એડી.કલેકટર સમક્ષ મૂકવામાં આવશે. ફૂડ વિભાગ દ્વારા શ્રી સત્ય વિજય પટેલ સોડા ફેક્ટરી, સર લાખાજીરાજ રોડ, પ્રહલાદ સિનેમાની બાજુમાંથી વેનીલા આઇસ્ક્રીમ (લુઝ)નો નમૂનો તપાસ બાદ પૃથ્થકરણ રિપોર્ટમાં મિલ્ક ફેટનું પ્રમાણ ધારાધોરણ કરતાં ઓછું હોવાથી નમૂનો સબસ્ટાન્ડર્ડ (ફેઈલ) જાહેર થયેલ છે. જે અંગે એજ્યુડિકેશન કાર્યવાહી કરવામાં આવશે. આ ઉપરાંત ગોવાલિયા ફૂડ પ્રોડક્ટસ, હસનવાડી શેરી નં. ૨, ગાયત્રીનગર મેઈન રોડ પરથી ક્રિમીલાઈટ પીઝા ચીઝનો નમૂનો લેવાતા પૃથ્થકરણ રિપોર્ટમાં ફોરેન ફેટ (વેજીટેબલ ફેટ )ની હાજરી મળી આવતા નમૂનો





સબસ્ટાન્ડર્ડ (ફેઈલ) જાહેર થયેલ છે. જે અંગેનો કેસ રજૂ કરવામાં આવશે.

ફૂડ વિભાગની ટીમે સેફટી વાન સાથે સર્વેલન્સ ચેકિંગ દરમિયાન રૈયા રોડ વિસ્તારમાં આવેલ ખાદ્યચીજોનું વેચાણ કરતાં કુલ ૫૮ ધંધાર્થિઓને ત્યાં ખાણીપીણીના ૫૨ નમુનાની ચકાસણી કરી હતી અને ૧૦ વેપારીને લાયસન્સ માટે નોટીસ આપીને અવેરનેસ ડ્રાઈવ પણ ચલાવી હતી. તેમાં (૧)ગંગોત્રી ડેરી ફાર્મ (૨) રવિ પાર્સલ પોઈન્ટ (૩) શ્રીનાથજી દાલબાટી (૪)રોયલ ભૂંગળા બટેટા (૫)શ્રીજી ફૂડ ઝોન (૬)સુપર ચાઈનીઝ પંજાબી (૭)બિપિન પાન (૮)ગજાનન સિઝન સ્ટૉર (૯)હરભોલે ટ્રેડિંગ (૧૦) રોશની કોલ્ડ્રિંક્સનો સમાવેશ થાય છે.

ઉપરાંત (૧૧)બાલાજી ફાસ્ટ ફૂડ (૧૨)બાલાજી દાળપકવાન (૧૩)બંસી પૂરીશાક (૧૪)ઓમ ચાઇનીઝ પંજાબી (૧૫)શ્રીરામ વડાપાઉં (૧૬)અતુલ બેકરી (૧૭)હીર એન્ટરપ્રાઈઝ (૧૮)હરિકૃષ્ણ દાળપકવાન (૧૯)જય ગોપાલ ઘૂઘરા (૨૦)શિવ મદ્રાસ કાફે (૨૧)સોમનાથ વડાપાઉં (૨૨)રવિરાંદલ દાળપકવાન (૨૩)રેવદી મદ્રાસ કાફે (૨૪)શિવાય ગાંઠિયા (૨૫)પટેલ રેસ્ટોરન્ટ (૨૬)આમ્રપાલી પાન (૨૭)બાલાજી સેન્ડવિચ (૨૮)કેક જોય (૨૯)આભા આયુર્વેદિક સ્ટૉર (૩૦)ડિઝાયર ફૂડ (૩૧)કાદરભાઇ વૈદ (૩૨)રાધિકા આઇસ્ક્રીમ (૩૩)ચામુંડા સિઝન સ્ટોર્સ (૩૪)રઘુવીર ખમણ (૩૫)અમૃત આયુર્વેદિક (૩૬)જલીયાણ રેસ્ટોરન્ટ (૩૭)ભગવતી સ્વીટ નમકીન (૩૮)પ્રણામિ ફરસાણ માર્ટ (૩૯)શ્રી મુરલીધર ફરસાણ (૪૦)પારસ ફરસાણ (૪૧)શ્યામ સિંગ નમકીન (૪૨)હરભોલે ડેરી ફાર્મ (૪૩)કુમાર ખમણ (૪૪)ન્યુ સમ્રાટ ખીરું (૪૫)ભગવતી પ્રોવિઝન સ્ટૉર (૪૬)શ્રી અરિહંત પ્રોવિઝન સ્ટૉર (૪૭)મનમંદિર કોલ્ડ્રિંક્સ (૪૮)રામજીભાઇ અનાનસવાળા (૪૯)સદગુરુ સ્વીટ નમકીન (૫૦)જલારામ ફરસાણ માર્ટ (૫૧)કૌશર બેકરી (૫૨)સ્વસ્તિક ચીકી (૫૩)ઠક્કર સ્વીટ નમકીન (૫૪)બાલાજી ફરસાણ માર્ટ (૫૫)કસ્તુરી ફૂડ્સ (૫૬)જામનગરી ઘૂઘરા (૫૭)હરસિદ્ધિ ફૂડ (૫૮)જય હિંગળાજ રેસ્ટોરન્ટમાં પણ આરોગ્યલક્ષી ચેકીંગ કરવામાં આવ્યું હતું.



# ગુજરાતનાં ૧૫ સ્થળોએ સલ્ફર ડાયોક્સાઈડનું સ્તર ભયજનક

## ઈસરોએ ગુજરાતનો એર ક્વોલિટી રીપોર્ટ બહાર પાડ્યો ૧૫ શહેરોમાં સૌથી વધુ સલ્ફર ડાયોક્સાઈડનું પ્રમાણ

અમદાવાદ આપણે જે હવામાં શ્વાસ લઈએ છીએ તે આપણાં સ્વાસ્થ્ય અને પર્યાવરણ માટે હાનિકારક સાબિત થઈ શકે છે. સલ્ફર ડાયોક્સાઈડ એક તીખી ગંધ સાથેનો રંગહીન ગેસ છે જે આપણી હવામાં હોય તો એક ખતરો ઉભો કરે છે. હવામાં આ ગેસની હાજરી આપણાં શ્વસનતંત્ર અને રક્તવાહિનીઓ માટે હાનિકારક બને છે.

ઈસરોના સ્પેસ એપ્લિકેશન સેન્ટર અને અન્ય પાંચ સંસ્થાઓનાં નવ સંશોધકોએ ગુજરાત માટેનાં તાજેતરનાં સેટેલાઈટ ડેટા અભ્યાસમાં અમદાવાદ અને ગાંધીનગર સહિત ૧૫ સ્થળોએ સલ્ફર ડાયોક્સાઈડનું ઉચ્ચ પ્રમાણ શોધી કાઢ્યું હતું,આ શહેરોમાં સલ્ફર ડાયોક્સાઈડનું સ્તર સરેરાશ 300 માઈક્રોમોલ પ્રતિ ચોરસ મીટર હતું.

આ અભ્યાસ ગુજરાતનાં સલ્ફર ડાયોક્સાઈડ હોટસ્પોટ્સની ઓળખ માટે ઉપગ્રહ સેન્ટીનેલનો ઉપયોગ કરીને કરવામાં આવ્યો હતો અને જીઓમેટિક્સ જર્નલમાં પ્રકાશિત થયો હતો. તે સલ્ફર ડાયોક્સાઈડ પ્રદૂષણનાં ભયજનક સ્તરને ઉજાગર કરે છે.

સમગ્ર ગુજરાતમાં ઓળખવામાં આવેલાં ૧૫ હોટસ્પોટમાં, રાજ્યનું સૌથી મોટું શહેર, અમદાવાદ પણ સામેલ છે. સંશોધન દર્શાવે છે કે અમદાવાદમાં ઉચ્ચ સલ્ફર ડાયોક્સાઈડનું પ્રદૂષણ છે, ખાસ કરીને શિયાળા અને પૂર્વ ઉનાળાનાં મહિનાઓમાં આ સ્તર વધુ હોય છે. અમદાવાદનો ઔદ્યોગિક વિસ્તાર, અશ્મિભૂત ઈંધણ પર નિર્ભરતા અને ગાઢ શહેરીકરણ આ સ્તરને વધુ વધારે છે. અભ્યાસ મુજબ ‘‘ગુજરાતમાં હોટસ્પોટમાં અવલોકન કરેલ સલ્ફર ડાયોક્સાઈડ સાંદ્રતા ૧૦ થી ૧૦૦૦ વચ્ચે આવે છે, જેની સરેરાશ સાંદ્રતા ૩૦૦ રહે છે,‘‘ આ આંકડામાં કોવિડ લોકડાઉન દરમિયાન નજીવો ઘટાડો પણ નોંધાવ્યો હતોસંશોધન જણાવે છે કે, અમદાવાદ વિવિધ સ્ત્રોતોને કારણે નોંધપાત્ર સલ્ફર ડાયોક્સાઈડ પ્રદૂષણનો સામનો કરે છે. ટેક્સટાઈલ એકમો અને ફાર્માસ્યુટિકલ ફેક્ટરીઓ સહિત શહેરનાં અસંખ્ય ઉદ્યોગો આ ગેસનાં ઉત્સર્જનમાં મોટો ફાળો આપે છે.વધુમાં, સ્થાનિક પરિવહન વાહનો અને થર્મલ પાવર પ્લાન્ટમાંથી ઉત્સર્જન સલ્ફર ડાયોક્સાઈડના સ્તરને વધારે છે. અન્ય ફાળો આપનારાઓમાં ચોખાના પ્રોસેસિંગ પ્લાન્ટ્સ, ફળ અને શાકભાજીનાં પ્રોસેસિંગ યુનિટ્સ અને કેટલીક બેકરીઓનો પણ સમાવેશ થાય છે.

બીજી બાજુ, રાજયની રાજધાની ગાંધીનગર થર્મલ પાવર સ્ટેશન અને વાહનોનાં પ્રદૂષણ સહિતનાં અનેક પરિબળોને કારણે નોંધપાત્ર સલ્ફર ડાયોક્સાઈડ પ્રદૂષણ કરે છે. સમગ્ર ગુજરાતમાં ૧૫ હોટસ્પોટ્સમાં સરેરાશ સલ્ફર ડાયોક્સાઈડની સાંદ્રતા ૧૦૦૦ સુધી પહોંચી શકે છે, જે સરેરાશ ૩૦૦ થી વધારે છે. વધુમાં સલ્ફર ડાયોક્સાઈડનું સ્તર શિયાળા અને પૂર્વ-ઉનાળાના મહિનાઓમાં નોંધપાત્ર રીતે વધારે હોય છે.

૨૦૨૦ ના ગ્રીનપીસના અહેવાલ મુજબ, ભારત વિશ્વમાં સલ્ફર ડાયોક્સાઈડના સૌથી મોટા ઉત્સર્જકોમાંનું એક છે, ભારતે ૨૦૧૯ માં વૈશ્વિક ઉત્સર્જનમાં ૧૫ ટકા થી વધુ સલ્ફર ડાયોક્સાઈડનું ઉત્પાદન કર્યું હતું.

ઉદ્યોગો અને પાવર પ્લાન્ટ્સને કોલસામાંથી કુદરતી ગેસ, નવીનીકરણીય ઉર્જા અને પરમાણુ ઉર્જા જેવાં સ્વચ્છ ઉર્જા સ્ત્રોતો તરફ સ્વિચ કરવા જોઈએ.

ઔદ્યોગિક સુવિધાઓ અને પાવર પ્લાન્ટ્સમાં ઉત્સર્જન નિયંત્રણ પ્રણાલીઓને ઈન્સ્ટોલ અને અપગ્રેડ કરવાથી વાતાવરણમાં છોડવામાં આવતાં સલ્ફર ડાયોક્સાઈડને ઓછો કરી શકાય છે.

જાહેર પરિવહનમાં ઈલેક્ટ્રિક વાહનોનો ઉપયોગકાર્યક્ષમ અને સસ્તાં જાહેર પરિવહન પ્રણાલીમાં રોકાણ કરવું અને ઈલેક્ટ્રિક વાહનોનો ઉપયોગ વધારવાથી અશ્મિભૂત ઈંધણ સંચાલિત વાહનો પર નિર્ભરતા ઘટાડી શકાય છે.

પર્યાવરણીય નિયમો અને દેખરેખને મજબૂત બનાવવું

ઔદ્યોગિક ઉત્સર્જન પર કડક નિયમોનો અમલ કરવો અને હવાની ગુણવત્તા મોનિટરિંગ સિસ્ટમને મજબૂત કરવાથી સલ્ફર ડાયોક્સાઈડને નિયંત્રિત કરવામાં મદદ મળશે.

ગુજરાતનાં પ્રદૂષિત શહેરો

અમદાવાદ - ઉદ્યોગો, સ્થાનિક પરિવહન વાહનો અને થર્મલ પાવર પ્લાન્ટના કારણે પ્રદુષિત છે.

ગાંધીનગર - ઉદ્યોગ, થર્મલ પાવર પ્લાન્ટના કારણે પ્રદુષિત છે. વડોદરા - ઉદ્યોગ, ઓઈલ રિફાઈનરી ના કારણે પ્રદુષિત છે. સુરત - ઉદ્યોગ, થર્મલ પાવર પ્લાન્ટના કારણે પ્રદુષિત છે. ખંભાળિયા - ઓઈલ રિફાઈનરીના કારણે પ્રદુષિત છે. વાપી - ઔદ્યોગિક વિસ્તારના કારણે પ્રદુષિત છે. કિમ - શહેરી વિસ્તારના કારણે પ્રદુષિત છે. ઉકાઈ - થર્મલ પાવર પ્લાન્ટના કારણે પ્રદુષિત છે. નારાયણ સરોવર - કોલસાની ખાણો અને થર્મલ પાવર પ્લાન્ટના કારણે પ્રદુષિત છે. ભાવનગર - અલંગ શિપબ્રેકિંગ યાર્ડના કારણે પ્રદુષિત છે. મુન્દ્રા બંદર - થર્મલ પાવર પ્લાન્ટના કારણે પ્રદુષિત છે.

મોરબી - સિરામિક ઉદ્યોગોના કારણે પ્રદુષિત છે. કચ્છ - બંદર અને થર્મલ પાવર પ્લાન્ટના કારણે પ્રદુષિત છે. બાબરકોટ - ઉદ્યોગનાં કારણે પ્રદુષિત છે. જાફરાબાદ - બંદર અને ઉદ્યોગોના કારણે પ્રદુષિત છે.

ॐकारा

કર્મ એજ ધર્મ | સનાતન એજ સત્ય | આત્મા એજ પરમાત્મા

સનાતન પુન:ઉત્થાન અને સ્થાપનાના મહાસંકલ્પના ધારક



## પ.પુ. શ્રી ૐ કારા પ્રભુ - ૐ દાદા

હું સૌનો સૌ અમારા, સૌનું સૌને અર્પણ

**: સ્થાપક :**

(૧) ૐકારા સંપ્રદાય (૨) ૐદાદા ફાઉન્ડેશન (૩) ૐકારા મહાસંઘ

**તમારો ચહેરો ભુલાઈ જશે પણ તમારા બોલાયેલા શબ્દો યાદ રહેશે, એ ત્યારે પણ તમારી હાજરી પૂરશે જ્યારે તમે ગેરહાજર હશો એટલે શબ્દો હંમેશા જાળવીને વાપરવા..**

સદા વાણી, વર્તન અને વ્યવહાર ખુબજ સમજદારીપૂર્વક કરીએ અને કર્મો પ્રત્યે સજાગ રહીએ...

1. Facebook.com/omkaraprabhuji
2. Instagram.com/omkaraprabhuji
3. X.com/omkaraprabhuji
4. Youtube.com/@omkaraprabhuji
5. whatsapp.com/channel/0029VaE9O9e2v1Ip5ipCAR3n

ૐ જ છે આસ્થા,
ૐ માં છે વિશ્વાસ ૐમાં
છે શક્તિ, ૐમાં છે
સંસ્કાર ૐ થી જ થાય છે
સારા દિવસની શરૂઆત
બોલો ૐ ૐ ૐ

PROPERTY ZONE

(૧) મનહર પ્લોટ શેરી નંબર સાતમાં પાંચ ફ્લેટ એકીસાથે વેચવાના છે સામે ખેતીલાયક જમીન ચાલશે ૮૦.હજાર ભાડાની આવક સાથે સામે ખેતીની જમીન ચાલશે

(૨) રૈયા રોડ પર ૩૫૮ વાર જગ્યા વેચવાની છે દરેક ધંધાને અનુરૂપ રોડ ટચ

(૫) પંચવટી સોસાયટી ૩૦૫ વાર પ્લોટ વેચવાનો છે

(૬) પાંચ ફ્લેટ એકીસાથે વેચવાના છે ત્રણ બેડરૂમ હોલ કિચન લોકેશન સુભાષ નગર મેઈન રોડ

(૭) રૈયા રોડ આલા ગ્રીન સિટી પાસે ૨ બીએચકે નો ફ્લેટ વેચવાનો છે ૬૮૦ કાર્પેટ, લકઝરી ફર્નિચર સાથે સાતમો માળ

**રાજકોટના પોર્સ વિસ્તારમાં પ્રોપર્ટી લે-વેચ કરવા માટે અમારો સંપર્ક કરવો**
**મોબાઈલ નં. ૯૯૨૪૧ ૪૭૦૫૯ રમેશભાઈ વાગડીયા**

**તાત્કાલિક કસમાં ચાલુ વ્યવસાય સાથેનો શોરૂમ વેચવાનો છે**
**કાલાવડ રોડ પરિમલ સ્કુલ ની સામે જયસીયારામ ટીસ્ટોલની બાજુમાં મોં. 98983 17826**


7 ACRE OF GRANDIOSITY
IN THE HEART OF RAJKOT
SAPPHIRE
Skyline
Magnificent
4 BHK Flats & Penthouses
KALAVID
Project By
JMJ PROJECTS
Dream.Create.Inspire...
JS
GROUP
@ KALAWAD ROAD,
NEAR CRYSTAL MALL
Contact Us. 73000 60030 • 92746 11111

નો ફેવર, નો ફિઅર...
# સામના મિરર
Daily Morning Newspaper



## ડિજિટલ ભારતની સાથે
## તમે પણ બનો ડિજિટલ...



## તમારા ધંધા-વેપારની જાહેરાત 'સામના મિરર'માં આપી આપના વ્યવસાયને પહોંચાડો લાખો વાંચકો સુધી...





મોબાઇલમાં નિયમિત સમાચારો મેળવવા

## વોટ્સએપ પર

**Hi લખીને મોકલો**

## 98983 17826



## અને જોડાઇ જાવ અમારી સાથે...


RAVI ENGLISH INSTITUTE ®
SINCE 2003
Ravi ENGLISH INSTITUTE
Where Growth is A Way of Life
A/C Class
ધો.૪ થી ૧૨ તેમજ ટેટ, ટાટ અને
સ્પર્ધાત્મક પરીક્ષાઓ માટે તેમજ ઈઝરાયલ
જેવા દેશોમાં કેર ટેકર તરીકે જવા
ઈચ્છુક વ્યકિતઓ માટે અંગ્રેજી ભાષાનું સચોટ શિક્ષણ.
અંગ્રેજી આટલું સરળ?
એક વખત અચૂક મુલાકાત લો...
Rasik Mehta
+919879329391
SPOKEN ENGLISH
૧૦૦% રીઝલ્ટ
ઓરીએન્ટેડ ગેરેન્ટી
Learn English
Language With
Money Back
Guarantee..
FREE
TRIAL
3 DAYS
અમારી વિશિષ્ટતાઓ
બધા લેવલ એક જ ફી માં કરાવતી એકમાત્ર સંસ્થા.
ધોરણ ૫ થી ૧૨ નું અંગ્રેજી વિષયનું શિક્ષણ પણ મેળવો.
દરેક બેચમાં મર્યાદિત સંખ્યા અને વ્યકિતગત માર્ગદર્શન.
ડેઈલી-વિકલી-મંથલી રીવીઝન સીસ્ટમ.
પ્રોજેક્ટર + કોમ્પ્યુટર દ્વારા આધુનિક શિક્ષણ.
૧૦,૦૦૦ જેટલા વાક્યો તેમજ૧૦,૦૦૦ જેટલા
શબ્દોનું જ્ઞાન પિરસતી એકમાત્ર સંસ્થા.
નવી બેચિઝ
ટૂંક સમયમાં શરૂ.
SCAN TO
ENJOY VIDEO
FOLLOW US:
Ravi English Institute
You Tube
art house
હેડઓફિસ :
"શ્રી હરી કોમ્પલેક્ષ" પહેલા માળે, યુનિ. રોડ,
ધોળકીયા સ્કુલ સામે, શેરી નં.૭ નો ખુણો,
બોમ્બે હાઉસીંગ સોસાયટી મેઈન રોડ,
રાજકોટ. MO. 98793 29391
બ્રાન્ચ ઓફિસ :
૧૫૦ ફુટ રીંગ રોડ, બાલાજી હોલ પાછળ,
ધોળકીયા સ્કુલ પાસે સાગર ચોક,
શિવમ કોમ્પલેક્ષ, પહેલા માળે, રાજકોટ.
MO. 98245 81306



॥ શ્રી ગુરૂ દત્તાત્રેયજી ॥



॥ શ્રી ગણેશાય નમઃ ॥



॥ શ્રી ગાયત્રી માતાજી ॥

# ભાવભર્યું આમંત્રણ

વેદમાતા શ્રી ગાયત્રી માતાજી, શ્રી લક્ષ્મી માતાજી તેમજ
શ્રી સરસ્વતી માતાજીની અસીમ કૃપાથી શ્રી ગુરૂદત્ત જયંતિ નિમિત્તે

## ગુરૂપૂજન

**સં. ૨૦૮૧, માગશર સુદ ૧૫, રવિવાર, તા. ૧૫–૧૨–૨૦૨૪ના**
શુભ દિને આયોજન કરેલ છે. તો આ પાવન અને પવિત્ર પ્રસંગે
સર્વે સેવકગણ તથા ભકતજનોને પધારવા ભાવભર્યું આમંત્રણ પાઠવીએ છીએ.

ગુરૂ ગોવિંદ દોઉ ખડે, કાકે લાગુ પાય.
બલિહારી ગુરૂ આપની, ગોવિંદ દિયો બતાય.



## પૂજ્ય ગુરૂદેવ શ્રી લાલબાપુ

**ગુરૂ પૂજન** : સવારે ૬–૦૦ થી મોડી સાંજ સુધી.
**ભોજન પ્રસાદ** : સવારે ૧૦–૦૦ થી મોડી રાત્રિ સુધી.

● નિમંત્રક ●
**પૂ. શ્રી રાજુ ભગત**
**પૂ. શ્રી દોલુ ભગત**
**શ્રી ગાયત્રી આશ્રમ સેવા સમિતિ**
શ્રી ગાયત્રી આશ્રમ, ગધેથડ,
તા. ઉપલેટા, જિ. રાજકોટ.

SAPPHIRE GOLD

Project By
JMJ PROJECTS
Dream.Create.Inspire...
RAJKOT | MUMBAI | AHMEDABAD
jmjprojects.in

# સેફાયર છે ને.. !!
# શું કામ ન મળે સપનાનું ઘર...

2 BHK Flats
618 Carpet

3 BHK Flats
824 Carpet

એકવાર સેમ્પલ ફ્લેટ તો જુઓ, બીજું કંઈ નહીં ગમે...

@ Raiya Road, Opp. Tulsi Super Market, Rajkot

Contact : 94038 90004

RERA Reg. No.: PR/GJ/RAJKOT/RAJKOT/Others/MAA 12629/111123
Web : gujrera.gujarat.gov.in


લાઈફ ટાઈમ*
ડિમેટ એકાઉન્ટ ફ્રી
AM
TRADING
ફ્રી એડવાઈઝરી
EQUITY STOCK
IPO/SME IPO
OPTION TRADING
NIFTY BANK NIFTY
COMODITY
CURRANCY
Design by:- With Me Digital : 9537300305
દરરોજ ફ્રી માહિતી મેળવવા
માટે આપેલ QR CODE SCAN
કરીને જોઈન કરો.
Mayuri Bagadai
63555 17630
AM trading
am_trading71


VS
GRAPHICS
આપના
ન્યુઝ પેપરને
આપીશુ એક
નવી ઉંચાઈ
મહેનત અમારી,
સફળતા તમારી
સચોટ માર્ગદર્શક
અદ્‌ભુત લે-આઉટ
અવનવી તસવીરો સાથે
M : 94097 57062